ફોન :
પાટણ : ૨૩૦૦૬૮ / ૨૨૦૨૨૮
૨૩૦૮૦૮/૨૨૧૩૪૭
મોબાઇલ : ૯૬૨૪૬ ૩૦૦૬૬
: ૯૧૦૪૫૭૯૫૩૧
Web : www.dpthakker.com
Email : dptco123@gmail.com

૬૯ મું ESTD DPT 1956 યશસ્વી વર્ષ

**ડી. પી. ઠક્કર એન્ડ કાું.**
**ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ**
ટેક્ષ કન્સલટન્ટસ
'શ્રીકુંજ', સ્ટેશન રોડ, પાટણ

**બ્રાન્ચ : નીધી હોસ્પિટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ - ૯**

D.P. THAKKER & CO.

તારીખ : 21/03/2025

ભાઈ શ્રી,

ચાલુ નાણાકીય વર્ષ 2024-25 પૂરું થવામાં છે જેનો છેલ્લો દિવસ 31.3.2025 છે અને તેનું એસેસમેન્ટ વર્ષ 2025-26 છે દર વર્ષે માર્ચ મહિનામાં આપણે ઈન્કમટેક્ષ અને GST કાયદા હેઠળ ની કેટલીક અગત્યની જોગવાઈઓ સમજીએ છીએ તે પ્રમાણે તારીખ : 31/03/2025 ના પુરા થતા ચાલુ નાણાકીય વર્ષ માટેની કેટલીક અગત્યની માહિતી નીચે મુજબ છે :-

## ઈન્કમટેક્ષ

(1) **માર્ચ / એપ્રિલ – 2025 માં પાલન કરવાની જવાબદારી :–**

(1) જો એડવાન્સ ટેક્ષ હજુ સુધી ભરેલો ન હોય અથવા ઓછી રકમ એડવાન્સ ટેક્ષ ની ભરી હોય તો તારીખઃ 31/03/2025 સુધી વ્યાજ સાથે એડવાન્સ ટેક્ષ ભરી શકાય. એડવાન્સ ટેક્ષ ભરવા અંગેની વિગતવાર માહિતી અમારા તારીખઃ 4/03/2025 ના પત્રથી જણાવેલી છે.

(2) તારીખઃ 31.3.2025 એ જેમનું વ્યાજ 5000/- થી વધુ રકમ આપવાનું હોય પણ વ્યાજ મેળવનારને ટેક્ષેબલ આવક ના હોવાને કારણે વ્યાજ કપાત કરવાની ના હોય તો આ રીતે જેને વ્યાજ આપવાનું હોય તેમની પાસેથી ફોર્મ 15G કે ફોર્મ 15H તારીખઃ 31.3.2025 પહેલા મેળવી લેવા જરૂરી છે કારણ આવા ફોર્મ 15G કે ફોર્મ 15H ઈન્કમટેક્ષ ખાતામાં તારીખઃ 30.4.2025 સુધીમાં "ONLINE" ફાઈલ કરવા ફરજીયાત છે.

(3) TDS/TCSની જે રકમ ભરવાની હોય તે સમયસર ભરવી જરૂરી છે નહીંતર રકમ મોડી ભરવા માટે વ્યાજ લાગે છે અને અવાર નવાર TDS/TCSની રકમ જો મોડી ભરાતી હોય તો ઈન્કમટેક્ષ ખાતાનો અભિગમ આવા કેસમાં ફોજદારી કાર્યવાહી કરવાનો વિશેષ છે એટલે TDS/TCSની રકમ સમયસર ભરવી ખુબ જરૂરી છે.

(3અ) વર્ષ દરમિયાન જે મહિનામાં TDS/TCSને પાત્ર પેમેન્ટ કરવામાં આવે તે મહિના પછીના મહિનાની 7 મી તારીખ સુધીમાં આવા TDS/TCSને પાત્ર પેમેન્ટ ઉપરની TDS/TCSની રકમ ભરવી પડે પરંતુ માર્ચ મહિનાની TDS/TCSની જે રકમ ભરવાની હોય તે રકમ તારીખઃ 30.4.2025 સુધીમાં ભરી શકાય છે.

(4) TDS/TCSની જોગવાઈ પ્રમાણે જે કપાતો કરેલી હોય તેના સ્ટેટમેન્ટ ફોર્મ 24Q, 26Q, 27EQ વિગેરે સમયસર ભરવા ખુબ જરૂરી છે કારણ જો આ સ્ટેટમેન્ટ સમયસર ભરવામાં ના આવે તો રોજના રૂપિયા 200 લેખે લેટ ફી ભર્યા પછી જ આવા સ્ટેટમેન્ટ ભરી શકાય છે અને જો આ સ્ટેટમેન્ટ સમયસર ભરવામાં ના આવે પણ મોડા ભરવામાં આવે તો જેની TDS/TCS કરેલી હોય તેના 26ASફોર્મમાં આવી TDS/TCSની રકમ સમયસર જમા આવશે નહીં જેના કારણે જેની TDS/TCS થયેલી હોય તેને સમયસર ક્રેડિટ મળે નહીં.

(2) **સને 2024-25 માટે TDS ના દર નીચે પ્રમાણે છે :–**

| **કલમ** | **ચુકવણી નો પ્રકાર તથા નિયત મર્યાદા** | **TDSના દર** |
|---|---|---|
| 192 | ટેક્ષેબલ પગાર ની ચુકવણી ઉપર | લાગુ પડતા દરે |
| 193 | 1) સિક્યુરિટી ઉપરનું વ્યાજ. ગર્વમેન્ટ સેવિંગ બોન્ડના રૂ. 10000/- થી વધુ રકમની ચુકવણી ઉપર<br>2) પબ્લિક કંપની ના ડિબેન્ચર ઉપર 5000/- થી વધુ વ્યાજની ચુકવણી ઉપર | 10%<br>10% |
| 194 | ડિવિડન્ડ ની 5000/- થી વધુ ચુકવણી ઉપર | 10% |
| 194A | 1) 1 કરોડ થી વધુ ટર્નઓવર ધરાવતી માલિકી કે HUF પેઢી (ઑડિટ કરાવતી હોય કે ઑડીટ ના કરાવતી હોય) ડિપોઝિટર ને રૂ. 5000/- થી વધુ રકમ નું વ્યાજ ચૂકવે તો TDS કરવી પડે. ભાગીદારી પેઢી એ ટર્નઓવર ની કોઈ મર્યાદા વગર ફરજયાત રૂ. 5000/- થી વધુ રકમનું વ્યાજ ચૂકવે તો TDS કરવી પડે.<br>2) બેંક/ કો.ઓપ.બેંક તથા પોસ્ટ ઓફિસ સિનિયર સિટીઝન ના હોય તેવા ડિપોઝિટરને એફ.ડી. ઉપર વ્યાજ ની વાર્ષિક રૂ. 40000/- થી વધુ ચુકવણી કરે તેના ઉપર<br>3) સિનિયર સિટીઝન ને બેંક/કો.ઓ.બેંક/ પોસ્ટ ઓફિસ એફ.ડી. ઉપર વ્યાજ ની વાર્ષિક રૂ. 50000/- થી વધુ ચુકવણી ઉપર<br>નોંધ : જો ફોર્મ 15G અથવા 15H તારીખ : 31/03/ 2025 સુધી લીધા હોય તો TDS કરવી પડે નહીં અને તે ફોર્મ તારીખ : 30/04/2025 સુધી ઓનલાઇન ફાઈલ કરવું ફરજીયાત છે. | 10%<br>10%<br>10% |
| 194C | 1) વ્યક્તિ કે HUF હોય તેવા કોન્ટ્રાક્ટર કે સબ કોન્ટ્રાક્ટર કે Advertising એજન્ટ કે ટ્રાન્સપોર્ટર (PAN ધરાવનાર) ને રૂ 30000/- કે વધુ રકમનું પેમેન્ટ કરવામાં આવે તો<br>2) ભાગીદારી પેઢી કે કંપની ને ઉપર મુજબ પેમેન્ટ આપવામાં આવે તો<br>3) 10 કે તેથી ઓછી ટ્રક ધરાવનાર ટ્રાન્સપોર્ટર ના કેસ માં જો PAN અને ડેકલેરેશન આપવામાં આવે તો<br>પણ જો PAN અને ડેકલેરેશન પૂરું પાડવામાં ન આવે તો<br>4) અંગત અને એચ.યુ.એફ. ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર ના કેસમાં જેની પોતાની ટ્રક ના હોય તેવા કેસમાં PAN પૂરો પાડવામાં આવે તો<br>અંગત અને HUF સિવાય ના કેસમાં PAN પૂરો પાડવામાં આવે તો<br>5) ઉપર મુજબ નું પેમેન્ટ એક સાથે રૂ. 30000/- થી ઓછું કરવામાં આવે અને આખા વર્ષ દરમિયાન પેમેન્ટ રૂ. 100000/- થી ઓછું હોય તો........................<br>6) ઉપર મુજબનું પેમેન્ટ મેળવનારને જો PAN ના હોય તો | 1%<br>2%<br>0%<br>20%<br>1%<br>2%<br>0%<br>20% |
| 194D | વીમા કંપની તેના એજન્ટ ને રૂ. 15000/- થી વધુ કમિશન ચૂકવે તો | 5% |
| 194DA | દસ વર્ષથી ઓછા સમયની વીમા પોલીસી ઉપર ભરેલા પ્રીમિયમ ની રકમ કરતા મળતી રૂ. 1 લાખથી વધારાની રકમ ઉપર<br>પણ વીમો મેળવનારને PAN ના હોય તો | 2%<br>20% |

D.P. THAKKER & CO.

| | | |
|---|---|---|
| 194H | કમીશન / દલાલી વાર્ષિક રૂ. 15000/- થી વધુ ચુકવામાં આવે તેના ઉપર | 2% |
| 194I | 1) જમીન કે મકાન ફર્નિચર / ફિટિંગ નું વાર્ષિક ભાડું રૂ. 2,40,000/- થી વધુ આપવામાં આવે તેના ઉપર<br>2) મશીનરી પ્લાંન્ટ ઇકવીપમેન્ટ નું વાર્ષિક ભાડું રૂ. 2,40,000/- થી વધુ ની ચુકવણી ઉપર<br>3) ઉપરોક્ત પેમેન્ટમાં જો PAN ન હોય તો | 10%<br>2%<br>20% |
| 194IA | નિયત ખેતી ની જમીન સિવાય ની સ્થાવર મિલકત ની ખરીદી કરનારે વેચાણ દસ્તાવેજની રકમ અથવા જંત્રીની રકમ રૂ. 50 લાખથી વધારે હોય તેના ઉપર વેચાણ કરનાર ને ચુકવવાની રકમ ઉપર TDS કરવી પડે જે રકમ વેચાણ કિંમત માંથી કાપીને ભરવાની છે. | 1% |
| 194IB | ઓડિટ પાત્ર ન હોય તેવી વ્યક્તિ કે HUF જો રેસિડેન્ટ ને જમીન/મકાન/ફર્નિચર ફિટિંગ્સ નું માસિક ભાડું રૂ. 50000/- થી વધુ રકમ નું ચૂકવે તો (ભાડુ લેનારને PAN હોયતો)<br>જો PAN ના હોય તો | 2%<br>20% |
| 194IC | જોઈન્ટ ડેવલોપમેન્ટ એગ્રીમેન્ટ ના પેમેન્ટ ઉપર | 10% |
| 194J | 1) પ્રોફેશનલ એટલે કે વકીલ, ડોકટર, આર્કિટેક્ટ વગેરે ને રૂ. 30000/- થી વધુ રકમની પ્રોફેશનલ ફી ની ચુકવણી ઉપર<br>2) ટેકનિકલ સર્વિસીસ માટે ની ફી ઉપર<br>3) કોલ સેન્ટર ને રૂ. 30000/- ઉપર ના પેમેન્ટ ઉપર<br>4) ઉપરોક્ત પેમેન્ટ મેળવનાર ને PAN ના હોય તો | 10%<br>2%<br>2%<br>20% |
| 194N | 1) નેશનલાઈઝડ બેંક કે શીડ્યૂલ બેંક કે કો ઓપ બેંક કે પોસ્ટ ઓફિસ જો વ્યક્તિ/ HUF / ભાગીદારી પેઢી/કંપની વિગેરે ને વર્ષ દરમિયાન એક કે વધુ ખાતા હોય તો બધા ખાતા માંથી મળી ને રૂ. 1 કરોડ કે તેથી વધું રોકડ રકમ આપે/ ચૂકવે તો<br>2) આવી રીતે બેંક માંથી રોકડ રકમ ઉપાડનારે અગાઉના ત્રણ માંથી એક પણ વર્ષ માટે જો ઈન્કમટેક્સ રીટર્ન ન ભરેલા હોય તો રૂ. 20 લાખ થી રૂ. 1 કરોડ સુધીના ઉપાડ ઉપર<br>રૂ. 1 કરોડથી વધારે રોકડ રકમ ઉપાડ કરે તો<br>3) APMC ના લાઈસન્સ ધરાવતા વેપારી ખેડૂત ના માલનું કમિશન થી વેચાણ કરે કે ખેડૂત પાસે થી ખરીદ કરેલા માલનું રોકડ પેમેન્ટ કરવા માટે બેંક માં જે ખાતાની જાણ કરી હોય તે ખાતામાંથી રૂ. 1 કરોડ થી વધુ ગમે તેટલી રોકડ રકમ ઉપાડ કરે તો નોટિફિકેશન થી આપેલી છૂટછાટ પ્રમાણે TDS માફ છે. | 2%<br>2%<br>5%<br>0% |
| 194M | ટેક્ષ ઓડિટ ને પાત્ર ના હોય તેવી વ્યક્તિ કે HUF કોઈ પણ રહીશ ને વર્ષ દરમિયાન કોન્ટ્રાક્ટ હેઠળ કે પ્રોફેશનલ સેવા માટે કમિશન કે બ્રોકરેજ ની રૂ. 50 લાખથી વધુની ચુકવણી ઉપર (PAN હોય તો)<br>જો PAN ના હોય તો<br>નોંધ : 1) આ જોગવાઈ કોઈ પણ વેપાર ધંધાને લાગુ પડતી નથી<br>2) આ જોગવાઈ અંગત કે HUF પોતાના રહેવા માટે કે ભાડે આપવા માટે સ્થાવર મિલકત બનાવે તો લાગુ પડે છે. | 2%<br>20% |

D.P. THAKKER & CO.

| | | |
|---|---|---|
| 194Q | પાછલા વર્ષમાં વાર્ષિક 10 કરોડ થી વધુ વકરો કરતા વેપારી ની વર્ષ દરમિયાન એક જ વેચનાર પાસેથી ખરીદી રૂ. 50 લાખથી વધુ થાય તો આવી 50 લાખ ઉપરની ખરીદીની રકમ ઉપર જો PAN હોય તો<br>(જો PAN ના હોય તો) | 0.10%<br>5% |
| 194R | રૂ 20000/- થી વધુ મૂલ્યના ધંધા કે વ્યવસાય સાથે સંકળાયેલા લાભ કે સવલત રોકડમાં કે વસ્તુમાં પુરી પાડવામાં આવે તો<br>(જો PAN ના હોય તો) | 10%<br>20% |
| 194S | વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ (ક્રિપ્ટોકરન્સી, બીટ કોઈન વિગેરે) માટે રેસિડેન્ટ ને રૂ. 10000/-થી વધુ રકમની ચુકવણી ઉપર જો PAN હોય તો<br>(જો PAN ના હોય તો) | 1%<br>20% |
| 195 | નોંન રેસિડેન્ટ ને આપવામાં આવતું વ્યાજ, ભાડું, પગાર વિગેરે ચુકવણી માટે | પેરા 4 પ્રમાણે |

નોંધ : (1) PAN અને AADHAR LINKINGના કરાવેલ હોય તો મોટી જવાબદારી ઉપસ્થિત થાય છે કારણ PAN / AADHAR LINKING ની કાર્યવાહી ના કરાવવાના કારણે તેનો PAN INOPERATIVE બને છે તેથી તેવી રકમ ઉપર TDS ની કપાત 20% ના દરથી કરવી પડે અને જો PAN / AADHAR લિંક ના કરાવેલ હોય તેવી વ્યક્તિ TDS ના કરવા માટે ફોર્મ 15G અને ફોર્મ 15H આપે તો અમાન્ય ગણાય છે એટલે TDS 20% ના દરે કરવી પડે.

(2) આ રીતે PAN / આધાર લિંક ના કરાવનાર ના કેસમાં થયેલી TDS ની ક્રેડિટ કે રિફંડ પણ મળશે નહીં.

(3) જેની કપાત કરવાની હોય તેણે અગાઉના 1 વર્ષનું ઈ.ટેક્ષ રીટર્ન ફાઈલ ના કરેલ હોય તો TDS નિયત દરના બમણા દરે અથવા 5% ના દરે તે બેમાંથી જે વધારે હોય તે દરે કરવી પડે અને જો PAN ના હોય તો 20% ના દરે કરવી પડે પણ આ જોગવાઈ પગારની આવક તથા બેંકમાંથી રોકડ રકમ ની ચુકવણી ને લાગુ પડતી નથી.

(4) જેને PAN હોય તેણે અગાઉના એક વર્ષના ઈન્કમટેક્ષ રીટર્ન ભરેલ છે કે નહીં તેની માહિતી ઈન્કમટેક્ષ ખાતાની વેબસાઈટ ઉપરથી મળશે.

**(3) સને 2024-25 માટે TCS ના દર નીચે પ્રમાણે છે :–**

| **સેકસન** | **TCS ને પાત્ર માલ અને સેવાઓ** | **TCS ના દર** |
|---|---|---|
| 206C(1) | (1) જંગલ લીઝથી મેળવેલ લાકડું | 2.50% |
| | (2) ઉપર એક સિવાય અન્ય રીતે મેળવેલ લાકડું | 2.50% |
| | (3) લાકડું તથા ટેન્ડુલિવ્સ સિવાયની જંગલમાંથી મેળવેલી કોઈપણ વસ્તુ | 2.50% |
| 206C(1) | (1) ટેન્ડુલિવ્સ | 5% |
| 206C(1) | (1) મિનરલ્સ, કોલ અથવા લીગ્નાઈટ અથવા આર્યન ઓર | 1% |
| 206C(1) | (1) ભંગાર દરેક પ્રકારનો | 1% |
| 206C(1) | નીચેના બાબતના લાઈસન્સ / લીઝ વગેરે | 2% |
| | (1) પાર્કિંગ પ્લોટ | |

D.P. THAKKER & CO.

| | | |
|---|---|---|
| | (2) ટોલ પ્લાઝા | |
| | (3) ખાણ અને ખનન (માઈનિંગ) તથા કવોરિંગ લીઝ લાઈસન્સ | |
| 206C(1F) | રૂ.10 લાખથી વધુ કિંમતનું મોટરકારનું વેચાણ | 1% |
| 206C(1H) | પાછલા વર્ષનું ટર્નઓવર રૂ.10 કરોડથી વધુ હોય તેવા વેપારી વર્ષ દરમિયાન કોઈને | 0.10% |
| | રૂ. 50 લાખથી વધુ રકમનું વેચાણ કરે (સામે ના વેપારી જો કલમ 194Qની TDS ન કરેતો) | |

**નોંધ :**(1) PAN અને AADHAR LINKINGના કરાયેલ હોય તો TDS માટે જે જવાબદારી ઉપસ્થિત થાય છે તે TCS માટે પણ ઉપસ્થિત થાય છે.

(2) કલમ 206AB ની જોગવાઈ પ્રમાણે જેની TCS કરવાની હોય તેને નિયત જોગવાઈઓને આધીન એક વર્ષના આવકવેરા રીટર્ન ફાઈલ ના કરેલ હોય તેના કેસમાં TCS ના નિયત દરના બમણા દરે અથવા 5% ના દરે જે વધારે દર હોય તે દરે કપાત કરવાની રહે છે.

**(4) નોન રેસીડેન્ટ ને કરેલા પેમેન્ટ ઉપર TDS :–**

(1) કોઈપણ વ્યક્તિ, પેઢી, કંપની, LLP, AOP કે HUF નોન રેસીડેન્ટ (વ્યક્તિ/HUF /પેઢી/ કંપની) ને વ્યાજ, કમિશન, પગાર, ભાડું, વિગેરે ચૂકવે કે ખાતામાં જમા કરે તો TDS કરવી પડે.

(2) નોન રેસીડેન્ટને નાની કે મોટી ગમે તે રકમની આવક ચુકવવામાં આવે કે તેના ખાતે જમા કરવામાં આવે તો TDS લાગુ પડે દા.ત. વ્યાજ 500/- ચુકવવામાં આવે તો પણ TDS કરવી પડે એટલે કે TDS માટે કોઈ માફી રકમ નથી.

(3) નોન રેસીડેન્ટના કેસમાં TDS થઇ હોય તો તેનું રીફંડ લેવા માટે નોન રેસિડેન્ટ ને આવક ટેક્ષેબલ હોય તો ભરવાપાત્ર ટેક્ષ સામે આવી TDS ની રકમ બાદ મળે અને બાકીની વધારાની રકમ ભરવી પડે અથવા વધુ TDS ની રકમનું રીફંડ મળે. જો આવક ટેક્ષેબલ ના હોય તો બધી રકમનું રીફંડ મળે. આ માટે ઈનકમટેક્ષ નું રીટર્ન ભરવું પડે.

(4) નોન રેસિડેન્ટને ચુકવવાની આવકમાંથી કરવાની TDS ના દર નીચે પ્રમાણે છે :-

(1) USA / UK / CANADA / AUSTRALIA માં રહેતા હોય તેવા નોન રેસીડેન્ટ જો તે દેશનું ટેક્ષ રેસીડેન્સી સર્ટિફિકેટ (TRC) આપે તો 15.60% લેખે નહીંતર 31.20% લેખે

(2) ઉપરના દેશો સિવાય અન્ય દેશોમાં રહેતા હોય તેવા NON-RESIDENT માટે 31.20% લેખે.

(3) નોન રેસીડેન્ટ TDS માફી માટે 15G / 15H આપી શકતા નથી એટલે ગમે તેટલી રકમ હોય તો પણ ઉપર મુજબ TDS કરવી પડે.

**(5) ઈન્કમટેક્ષ ના દર : જૂની સ્કીમ (OLD REGIME)**

(1) જૂની સ્કીમ - Regular Tax Regime અને નવી સ્કીમ - રાહતકારક દર - Default Regime હેઠળ ઇન્કમટેક્ષ માફીની રકમ અને પંદર લાખ સુધીની આવક ઉપરના ઈન્કમટેક્ષ ના દર અલગ અલગ છે.

(2) જૂની સ્કીમ નો લાભ લેવા માટે રીટર્ન ભરવાની તારીખ સુધીમાં જરૂરી ફોર્મ 10-IEA ભરીને પસંદગી કરવી ફરજીયાત છે નહીંતર નવી સ્કીમ હેઠળ ટેક્ષ લાગશે.

D.P. THAKKER & CO.

(3) જૂની સ્કીમ હેઠળ ડિડક્શન ના લાભ લઈ શકાશે અને આવક ઉપર ટેક્ષ ના દર નીચે પ્રમાણે છે :-

| કરપાત્ર આવક | આવકવેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | +હેલ્થ+ એજ્યુ.સેસ | = કુલ દર |
|---|---|---|---|---|---|
| (A) વ્યક્તિ / HUF / AOP / BOI (60 વર્ષથી ઓછી ઉંમરના સ્ત્રી કે પુરુષ) | | | | | |
| પ્રથમ રૂ. 2.50 લાખ સુધી | 0% | 0% | 0% | 0% | 0% |
| રૂ.2.50 લાખ થી રૂ. 5 લાખ સુધી | 5% | 0% | 5% | 4% | 5.20 % |
| (B) સિનિયર સિટિઝન (60 થી 80 વર્ષ સુધીના) સ્ત્રી કે પુરુષ | | | | | |
| પ્રથમ રૂ.3 લાખ સુધી | 0% | 0% | 0% | 0% | 0% |
| રૂ 3 લાખ થી રૂ.5 લાખ સુધી | 5% | 0% | 5% | 4% | 5.20 % |
| (C) સુપર સિનિયર સિટિઝન ( 80 વર્ષ ઉપરના ) સ્ત્રી કે પુરુષ | | | | | |
| પ્રથમ રૂ. 5 લાખ સુધી | 0% | 0% | 0% | 0% | 0% |
| (D) ઉપર જણાવેલ બધા કરદાતાઓ માટે | | | | | |
| રૂ 5 લાખ થી રૂ.10 લાખ સુધી | 20% | 0% | 20% | 4% | 20.80% |
| રૂ 10 લાખ થી રૂ. 50 લાખ સુધી | 30% | 0% | 30% | 4% | 31.20% |
| રૂ 50 લાખથી રૂ. 1 કરોડ સુધી | 30% | 10% | 33% | 4% | 34.32% |
| રૂ.1 કરોડથી રૂ.2 કરોડ સુધી | 30% | 15% | 34.50% | 4% | 35.88% |
| રૂ.2 કરોડથી રૂ.5 કરોડ સુધી | 30% | 25% | 37.50% | 4% | 39.00% |
| રૂ 5 કરોડથી વધુ | 30% | 37% | 41.10% | 4% | 42.74% |

(4) જૂની સ્કીમ હેઠળ અંગત અને HUF કરદાતાના કેસમાં એક જ લાભ છે કે ઈન્કમટેક્ષ કાયદા હેઠળ જે કપાત/ કરમુક્તિ ના લાભ ની જોગવાઈ છે તે આવકમાંથી બાદ લઈ શકાય છે. આવી કપાત/કરમુક્તિ મુખ્યત્વે નીચે પ્રમાણે છે :-

(1) LIC, PPF, NSC, સ્કૂલ ફી (માત્ર વ્યક્તિને), ટેક્ષ સેવર એફ.ડી. મ્યુ.ફંડ માં ભરેલી રકમ, હાઉસિંગ લોન માં ભરેલી રકમ વિગેરેમાં 150000/- સુધી

(2) નેશનલ પેન્શન સ્કીમ માં ભરેલી રકમ 50000/- સુધી

(3) મેડિકલ વીમાની રકમ 25000/-સુધી + હેલ્થ ચેકઅપ ખર્ચ 5000/- સુધી (પણ વ્યક્તિ ની ઉંમર જો 60 વર્ષ થી વધુ હોય તો મેડીકલ વીમો 50000/- સુધી.)

(4) પોતાનો કે ફેમિલી નો કે માતા-પિતાનો મેડીકલ વીમો ન હોય પણ મેડીકલ ટ્રીટમેન્ટનો ખર્ચ A/c Payee ચેક થી કે ડિજિટલ પેમેન્ટ થી કરેલો હોય તો સીનીયર સીટીઝન માતા-પિતા માટે કરેલો ખર્ચ 50000/- સુધી

(5) ખોડ ખાંપણ વાળી વ્યક્તિ ને નિયમ પ્રમાણે સરકારી હોસ્પીટલનું નિયત સર્ટિફિકેટ રજુ કરવાથી 75000/ 125000 સુધી

(6) કલમ 80G માફી સર્ટિફિકેટ ધરાવતી સંસ્થાને કરેલા દાનની રકમ ઉપર આવકના 10% ની મર્યાદા માં દાનની રકમના 50% રકમ (જો દાનની રકમ રૂ. 2000/- થી વધુ હોય તો A/c Payee ચેક/DD/ECS થી દાન આપેલુ હોય તો જ બાદ મળે) અને જે તે ચેરીટેબલ ટ્રસ્ટ પાસેથી ડોનેશન ની પાવતી તથા ફોર્મ 10BE લેવી

D.P.THAKKER & CO.

જરૂરી છે.

(7) સીનીયર સિટીઝન ને બેંક ના સેવિંગ ખાતાનું અને એફ.ડી. નું વ્યાજ 50000/- સુધી

(8) સીનીયર સીટીઝન સિવાયની વ્યક્તિને તથા HUF ને બેંક સેવીંગ ખાતાનું વ્યાજ 10000/- સુધી. પોસ્ટ ઓફીસ સેવીંગ ખાતાનું વ્યાજ રૂ. 3500/- સુધીનું અલગથી અંગત ને બાદ મળે છે.

(9) રહેવાના મકાન માટે હાઉસિંગ લોન ઉપર ભરેલુ વ્યાજ 200000/- સુધી.

(10) રહેવાનું મકાન હોય નહીં અને એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ હેઠળ 45 લાખ સુધીનું નવું મકાન ખરીદેલું હોય તો તારીખ : 31/03/2022 સુધીમાં મંજુર થયેલી હાઉસિંગ લોન ઉપર રૂ. 2 લાખ ઉપરાંત વધારાનું વ્યાજ 150000/- સુધી બાદ મળે.

(11) પગાર/ પેન્શન ની આવકમાંથી સ્ટાન્ડર્ડ ડિડક્શન રૂ. 75000/- તથા પ્રોફેશનલ ટેક્ષ બાદ મળે અને ફેમીલી પેન્શન ની આવકમાંથી સ્ટાન્ડર્ડ ડિડક્શન 25000/- સુધી બાદ મળશે.

(5) અંગત રેસિડેન્ટ વ્યક્તિના કેસમાં પાંચ લાખ થી ઓછી કરપાત્ર આવક હોય તો રૂ. 12500/- સુધીનું રીબેટ મળશે

(6) કુલ આવક 2 કરોડ થી વધુ હોય અને તેમાં ડિવિડન્ડ ની આવક નો સમાવેશ થતો હોય તો ડિવિડન્ડ ની આવક ઉપર જે ઈન્કમટેક્ષ થતો હોય તેના ઉપર સરચાર્જ 25% ને બદલે 15% લાગે.

(7) જૂની સ્કીમ હેઠળ ટેક્ષ દરનો લાભ લેવો હોય તો ઈન્કમટેક્ષ રીટર્ન સમયસર ભરવું ફરજીયાત છે.

**(6) ઈન્કમટેક્ષ ના દર :– નવી સ્કીમ – રાહતકારક દર - Default Regime**

(1) નવી સ્કીમ - રાહતકારક દર - Default Regime - હેઠળ નીચે નોંધમાં જણાવેલી શરતોને આધીન વ્યક્તિ/ HUF / AOP / BOI / AJP ના કેસમાં આવકવેરાના અસરકારક દર નીચે પ્રમાણે છે :-

| કરપાત્ર આવક | આવકવેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | +હેલ્થ+ એજ્યુ.સેસ | = કુલ દર |
|---|---|---|---|---|---|
| (1) પ્રથમ રૂ. 3 લાખ સુધી | 0% | 0% | 0% | 0% | 0% |
| (2) રૂ. 3 લાખ થી રૂ. 7 લાખ સુધી | 5% | 0% | 5% | 4% | 5.20 % |
| (2A) રૂ. 7 લાખની આવક સુધી ભરવાના ટેક્ષનું 100% રીબેટ મળે છે એટલે ટેક્ષ ભરવાનો થતો નથી | | | | | |
| (3) રૂ. 7 લાખ થી રૂ. 10 લાખ સુધી | 10% | 0% | 10% | 4% | 10.40% |
| (4) રૂ. 10 લાખ થી રૂ. 12 લાખ સુધી | 15% | 0% | 15% | 4% | 15.60% |
| (5) રૂ. 12 લાખ થી રૂ. 15 લાખ સુધી | 20% | 0% | 20% | 4% | 20.80% |
| (6) રૂ. 15 લાખ થી રૂ. 50 લાખ સુધી | 30% | 0% | 30% | 4% | 31.20% |
| (7) રૂ. 50 લાખ થી રૂ.1 કરોડ સુધી | 30% | 10% | 33% | 4% | 34.32% |
| (8) રૂ.1 કરોડ થી રૂ. 2 કરોડ સુધી | 30% | 15% | 34.50% | 4% | 35.88% |
| (9) રૂ.2 કરોડ થી વધુ | 30% | 25% | 37.50% | 4% | 39% |

**નોંધ : નવી સ્કીમમાં ઉપરોક્ત ઈન્કમટેક્ષ ના દર નો લાભ લેવા માટે નીચેની શરતો લાગુ પડે છેઃ–**

D.P.THAKKER & CO.

(1) ઉપરોક્ત ટેક્ષની ગણત્રીમાં રહીશ વ્યક્તિના કેસમાં રૂ. 7 લાખ સુધીની આવક સુધી રૂ.25000/- સુધીના ટેક્ષ ની રકમનું રિબેટ મળશે એટલે કાંઈ ટેક્ષ ભરવો નહીં પડે અને રૂ. 7 લાખથી વધુ આવક હોય તો રૂ.25000/- થી વધુ થતા ટેક્ષ ઉપર માર્જિનલ રિલીફનો લાભ મળશે.

(2) નવી સ્કીમ હેઠળ ટેક્ષ ભરવા માટે ફોર્મ 10IE ભરવાનું રહેતું નથી

(3) આવકમાંથી નીચેના ડિડક્શન બાદ મળશે નહીં.

(1) LTC, HRA, પ્રોફેશનલ ટેક્ષ વિગેરે (2) કલમ 80C હેઠળ ની કપાતો એટલે કે વીમો, PPF વિગેરે રૂ. 1,50,000/- સુધી (3) NPS રૂ 50,000/- સુધી (4) મેડિકલ વીમો (5) ડોનેશન (6) સેવિંગ ખાતાનું વ્યાજ (7) સીનીયર-સીટીઝન ને બાદ મળતું F.D.નું વ્યાજ (8) શારીરિક ખોડ ખાંપણ માટે બાદ મળતી કપાત વિગેરે (9) સીનીયર સિટીઝન અને સુપર સીનીયર સિટીઝનને શરૂઆત ની માફી રૂ. 3,00,000/- જ બાદ મળશે. (10) હાઉસિંગ લોનનું વ્યાજ રૂ. 2,00,000/- સુધી.

(4) પરંતુ જો પગાર / પેન્શન ની આવક હોય તો રૂ. 75000/- સુધી સ્ટાન્ડર્ડ ડિડક્શન ની રકમ તથા એમ્પ્લોયરે NPS ની કપાત કરી ભરી હોય તો પગારના 14 % સુધીના ફાળાની રકમ નિયમ પ્રમાણે બાદ મળશે અને ફેમીલી પેન્શન ની આવકમાંથી સ્ટાન્ડર્ડ ડિડક્શન 25000 સુધી બાદ મળશે.

(5) અંગત-HUF કરદાતાઓ માટે By Default નવી સ્કીમ હેઠળ ટેક્ષ ભરવાની જોગવાઈ કરી છે સિવાય કે જે કરદાતાઓએ જૂની સ્કીમ હેઠળ ટેક્ષ ભરવાની પસંદગી સમયસર ફોર્મ ભરીને કરી હોય તેમના કેસમાં જૂની સ્કીમ હેઠળ ટેક્ષ ગણાશે. પરંતુ અંગત/HUF માલિકી પેઢીમાં ધંધો કરતા હોય તો આવી પસંદગી એક જ વખત કરી શકશે જે પછીના વર્ષો માટે તે પ્રમાણે ચાલુ રહેશે. તેમાં ફક્ત એકવાર નવી સ્કીમ નો ઓપ્શન લઈ શકશે.

(6) એટલે ધંધાની આવક કે ભાગીદારી પેઢીમાંથી આવક ના હોય તેવા કેસમાં નવી સ્કીમ હેઠળ ભરવાનો ટેક્ષ તથા ચાલુ નોર્મલ દરે ભરવાનો ટેક્ષ ગણત્રી કરી જેમાં ફાયદો હોય તે ટેક્ષ દરની પસંદગી કરીને રીટર્ન ભરવું જોઈએ.

**(7) ભાગીદારી પેઢી/ LLP ની આવક ઉપર ઈન્કમટેક્ષ ના દર :–**

| કરપાત્ર આવક | આવકવેરાનો દર | + ટેક્ષની રકમ ઉપર સરચાર્જ | = ટોટલ | +હેલ્થ+ એજ્યુ.સેસ | = કુલ દર |
|---|---|---|---|---|---|
| એક કરોડ સુધી | 30% | 0% | 30% | 4% | 31.20% |
| એક કરોડ થી વધુ | 30% | 12% | 33.60% | 4% | 34.94 % |

**નોંધઃ** (1) ભાગીદારી પેઢી/LLP ને કોઈ આવક બાદ મળતી નથી.

(2) બાદ મળવાપાત્ર ડીડક્શન ના કારણે આવક 20 લાખ થી ઓછી થતી હોય તો બુક પ્રોફિટ ઉપર AMT (Alternate Minimum Tax) નિયમ પ્રમાણે લાગે.

(3) ભાગીદારોની મૂડી ઉપર આપવાપાત્ર 12% સુધીનું વ્યાજ અને વર્કીંગ પાર્ટનરોને કલમ 40(b) ની જોગવાઈ મુજબ આપવાપાત્ર Remuneration (પગાર) બાદ લેવા માટે ભાગીદારી દસ્તાવેજ માં તે અંગે લેખિત જોગવાઈ હોવી જરૂરી છે જો આવી લેખિત જોગવાઈ ભાગીદારી દસ્તાવેજ માં ના હોય તો ભાગીદારોની મૂડી ઉપર વ્યાજ કે ભાગીદારોને આપેલો પગાર બાદ મળે નહીં.

D.P. THAKKER & CO.

(4) ભાગીદારી પેઢીના કેસમાં વર્કીંગ પાર્ટનરો ને આપી શકાતા પગારની જોગવાઈ માં નીચે પ્રમાણે ફેરફાર કરેલ છે તે પ્રમાણે ચાલુ વર્ષથી વર્કીંગ પાર્ટનરો નો પગાર નીચે પ્રમાણે બાદ મળશે :-

| બુક પ્રોફિટની રકમ | પગારની રકમ |
|---|---|
| (1) પ્રથમ રૂ. 6,00,000/- સુધી | રૂ 3,00,000/- અથવા 90% પ્રમાણે ની રકમ બેમાંથી જે વધુ હોય તે |
| (2) રૂ. 6,00,000/- થી વધુ રકમ ઉપર | બુક પ્રોફિટ ના 60% સુધી |

**(8) પ્રાઈવેટ કે પબ્લીક લીમીટેડ કંપની માટે ટેક્ષ ના દર :–**

(1) ડોમેસ્ટિક કંપની નું F.Y.2022-23 માં કુલ ટર્નઓવર રૂ. 400 કરોડથી ઓછું હોય તો 25% ઈન્કમટેક્ષ નો દર છે અને તે સિવાયની કંપનીઓ માટે 30% દર છે + નીચે પ્રમાણે સરચાર્જ ની રકમ ઉપર 4% હેલ્થ એજ્યુકેશન સેસ લાગશે.

| કંપનીની આવક | સરચાર્જ નો દર |
|---|---|
| (1) 1 કરોડ થી 10 કરોડ | 7% |
| (2) 10 કરોડ કે તેથી વધુ | 12% |

જો કોઈ ડિડક્સન ના કારણે કંપનીને નેટ આવક ઉપર ભરવાપાત્ર ઈન્કમટેક્ષ બુક પ્રોફીટના 15% થી ઓછો થતો હોય તો કંપનીએ MAT 15% ભરવો પડે અને MAT ની રકમ ઉપર 4% હેલ્થ એજ્યુકેશન સેસ લાગે.

(2) કલમ 115BAA હેઠળ બાદ મળવાપાત્ર કપાત / કરમુક્તિના લાભ ન લેતી ડોમેસ્ટિક કંપની ના કેસમાં આવકવેરા નો દર 22% છે અને સરચાર્જ નો દર 10% છે તથા ટેક્ષ અને સરચાર્જ ની રકમ ઉપર એજ્યુકેશન સેસ 4% લાગે, પરંતુ MAT લાગે નહીં.

(3) કલમ 115BAB હેઠળ બાદ મળવાપાત્ર કપાત / કરમુક્તિના લાભ ન લેતી નવી ડોમેસ્ટિક કંપની ના કેસમાં તારીખ : 31/3/2025 સુધી મેન્યુફેક્ચરિંગ શરુ કરવામાં આવે તો શરતોને આધીન આવકવેરાના દર 15% લાગે અને સરચાર્જ નો દર 10% તથા ટેક્ષ અને સરચાર્જ ની રકમ ઉપર એજ્યુકેશન સેસ 4% લાગે, પરંતુ MAT લાગે નહીં.

(4) કંપનીના CSR હેઠળ જે રકમ વાપરવાની હોય તે કલમ 80G તથા CSR ની માન્યતા ધરાવતા ચેરીટેબલ ટ્રસ્ટને દાન આપવાથી નિયમ પ્રમાણે દાનની 50% રકમ દાન આપનારને બાદ મલે.

(5) લિમિટેડ કંપની જે ડિવિડન્ડ આપે તે ડિવિડન્ડની રકમ ડિવિડન્ડ મેળવનારના કેસમાં આવક ગણાય છે.

(6) લિમિટેડ કંપની પોતાના શેર BUY BACK કરે તો નવા સુધારા પ્રમાણે શેર હોલ્ડર ને BUY BACK ની જે રકમ મળે તે હવે કરમુક્ત નહીં ગણાય પણ ડિવિડન્ડ ની આવક ગણાશે અને આ રીતે BUY BACK કરેલા શેર ની ખરીદી માટે જે રોકાણ કરેલ હોય તે કેપિટલ ગેઈન ટેક્ષ માટે નુકશાન તરીકે બાદ મળશે.

**(9) તારીખ : 22/7/2024 સુધી શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ઉપર ટેક્ષ ના દરઃ–**

(1) વ્યક્તિ/ HUF / AOP / ભાગીદારી પેઢી / કંપનીને : શેર/M.F. ના વેચાણ ઉપર શોર્ટ ટર્મ કેપીટલ ગેઈન 15 ટકાના દરે લાગે છે અને તેના ઉપર લાગુ પડતા દરે સરચાર્જ અને સેસ લાગશે.

(2) શેર / M.F. માં કરેલું રોકાણ 12 મહિનાથી ઓછા સમય માટે હોય તો શોર્ટ ટર્મ કેપીટલ ગેઈન ગણાય.

D.P. THAKKER & CO.

(3) શેર / M.F. સિવાય ની અન્ય કોઈપણ મિલકતમાં કરેલું રોકાણ 24 મહિનાથી ઓછા સમય માટે હોય તો શોર્ટ ટર્મ કેપીટલ ગેઈન ગણાય.

(4) માર્કેટલિંક્ડ ડિબેન્ચર તેમજ સ્પેસિફાઈડ મ્યુ.ફંડ ના યુનિટ ઉપરનો શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન જે થાય તે ચાલુ આવક ગણાય એટલે તેના માટે જુદો ટેક્ષ ના દર નથી.

**(10) તારીખ : 22/7/2024 સુધી લોંગ ટર્મ કેપિટલ ગેઈન ઉપર ટેક્ષ ના દરઃ–**

(1) વ્યક્તિ/ HUF / AOP /FIRM / Company : શેર/M.F. ના વેચાણ ઉપર લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષ ના દર 10% છે અને લાગુ પડતા દરે સરચાર્જ તથા સેસ લાગશે.

પરંતુ માર્કેટ લિંકડ ડિબેન્ચર તેમજ સ્પેસિફાઇડ મ્યુચલ ફંડ ના યુનિટમાંથી ઉદ્‌ભવતો નફો લોંગ ટર્મ કેપિટલ ગેઈન ગણાશે નહીં પરંતુ આવી આવક શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ગણી ટેક્ષ ગણાશે.

(2) વ્યક્તિ / HUF / AOP /FIRM / Company ને : શેર / M.F. સીવાય ની અન્ય મિલ્કતો ના વેચાણ ઉપર લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષ ના દર 20 % છે અને લાગુ પડતા દરે સરચાર્જ તથા સેસ લાગશે.

(3) શેર / M.F. માં કરેલું રોકાણ 12 મહિનાથી વધુ સમય માટે હોય તો લોંગ ટર્મ કેપીટલ ગેઈન ગણાય.

(4) શેર / M.F. સિવાય ની અન્ય કોઈપણ મિલકતમાં કરેલું રોકાણ 24 મહિનાથી વધુ સમય માટે હોય તો લોંગ ટર્મ કેપીટલ ગેઈન ગણાય. અને રહેવાના મકાનના વેચાણમાંથી થતો કેપિટલ ગેઈન અંગત તથા HUF ને નવા રહેવાના મકાનમાં રોકવામાં આવે તો રૂ. 10 કરોડ ની મર્યાદામાં બાદ મળે અને જો આવો કેપિટલ ગેઈન રહેવાના મકાન સીવાય થતો હોય અને નવા રહેવાના મકાનમાં રોકવાનો હોય તો રૂ.10 કરોડ ની મર્યાદામાં બાદ મળે.

(5) શેર તથા ઇક્વીટી ઓરિએન્ટેડ મ્યુચ્યુઅલ ફંડ ના વેચાણનો LTCG રૂ.1 LAKH સુધી માફ છે. અને તા. 23/7/2024 થી આ લિમિટ વધારીને રૂ. 1,25,000/ કરી છે.

**(11) તારીખ : 23.7.2024 થી શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન અને લોંગ ટર્મ કેપિટલ ગેઈન માં ફેરફાર થયેલ છે તે પ્રમાણે હવે,**

(1) શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન એવી મિલ્કત ઉપર લાગે છે જે ધારણ કરવાની સમય મર્યાદા 12 મહિનાથી ઓછી છે.

(2) લોંગ ટર્મ કેપિટલ ગેઈન માટે મિલ્કત ધારણ કરવાના સમયની મર્યાદા નીચે પ્રમાણે છે :-

| | લોગટર્મ મિલ્કત તરીકે ગણાવવા માટે મિલ્કત ધારણ કરવાના સમયની મર્યાદા | | | |
|---|---|---|---|---|
| મીલ્કતનો પ્રકાર | તા.22/07/2024સુધી (મહિનામાં) | | તા.23/07/2024થી (મહિનામાં) | |
| | લીસ્ટેડ | અનલીસ્ટેડ | લીસ્ટેડ | અનલીસ્ટેડ |
| (1) ઈક્વીટી શેર 12 | 24 | 12 | 24 | |
| (2) પ્રેફરન્સ શેર 12 | 24 | 12 | 24 | |
| (3) ઇક્વિટી ઓરિએન્ટેડ મ્યુચ્યુઅલફંડ | 12 | 24 | 12 | 24 |
| (4) UTI યુનિટ્સ12 | 12 | 12 | 12 | |
| (5) બિઝનેસ ટ્રસ્ટના યુનિટસ | 36 | 36 | 12 | 24 |
| (6) અન્ય યુનિટ્સ | 36 | 36 | 12 | 24 |

D.P. THAKKER & CO.

| | | | | |
|---|---|---|---|---|
| (7) ડિબેન્ચર્સ | 12 | 36 | 12 | સમય મર્યાદા જોયા સિવાય ટુકા ગાળાનો નફો ગણાશે. |
| (8) ગર્વમેન્ટ સિક્યુરીટીઝ | 12 | 36 | 12 | 24 |
| (9) ઝીરો કુપન બોન્ડ્સ | 12 | 36 | 12 | 12 |
| (10)અન્ય બોન્ડ્સ | 12 | 36 | 12 | સમય મર્યાદા જોયા સિવાય ટુકા ગાળાનો નફો ગણાશે |
| (11) ઉપર જણાવ્યા સિવાય અન્ય કોઈ જામીનગીરી | 12 | 36 | 12 | 24 |
| (12) સ્થાવર મિલ્કત-જમીન-પ્લોટ- બિલ્ડીંગ | 24 | | 24 | |
| (13) અન્ય તમામ મૂડીરૂપી મિલકતો -સોનું ચાંદી દાગીના-હીરા-ઝવેરાત વિગેરે. | 36 | | 24 | |

નોંધ :(1) ધંધાકીય મિલ્કત ઉપર ઘસારો બાદ માંગેલ હોય તે મિલ્કત ગમે તેટલા સમય માટે ધારણ કરેલ હોય તો પણ શોર્ટટર્મ કેપિટલગેઇન ગણાશે.

(2) શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન ઉપર 20% ઇન્કમટેક્ષ લાગશે જ્યારે લોંગ ટર્મ કેપિટલ ગેઇન ઉપર 12.5% ઇન્કમટેક્ષ લાગશે અને નિયમ મુજબ બંને ઉપર સરચાર્જ અને સેસ લાગશે.

(3) તારીખ 23/07/2024 થી સ્થાવર મિલ્કતના વેચાણ ઉપર થતાં લોંગટર્મ કેપીટલ ગેઇન માટે રેસીડન્ટ Individual (અંગત) અને HUF ના કેસમાં નીચે મુજબ ભરવાપાત્ર ટેક્ષની ગણાત્રી થશે.

તારીખ 23/07/2024 અગાઉ ખરીદેલી મિલ્કત ના વેચાણ ઉપર ઉદભવતાં લોંગટર્મ કેપીટલગેઇન માટે ઇન્ડેક્સેસન સાથે 20% ના દરની જોગવાઈ પ્રમાણે તથા ઇન્ડેક્સેસનના લાભ વગર 12.50% ના દર ની જોગવાઈ પ્રમાણે ટેક્ષની ગણતરી કરી જે વિકલ્પ માટે ટેક્ષ ઓછો ભરવાનો થતો હોય તે પ્રમાણે ટેક્ષ લાગશે.

(4) લોંગ ટર્મ કેપીટલ ગેઇનના રોકાણ માટેની કલમ 54, કલમ 54B, 54EC, તથા 54F હેઠળની જોગવાઈમાં કોઈ ફેરફાર થયેલ નથી.

(5) (1) તા. 22/07/2024 સુધી કંપની પોતાના શેર Buy Back કરે તેના ઉપર ટેક્ષ કંપનીને ભરવો પડતો હતો તેમાં તા.23/07/2024 થી ફેરફાર કરેલ છે તે પ્રમાણે હવે કંપની જે શેર Buy Back કરીને શેરહોલ્ડર ને રકમ ચુકવે તે રકમ શેરહોલ્ડરના કેસમાં ડીવીડન્ડની આવક ગણાશે જેના ઉપર શેરહોલ્ડરે તેના પર્સનલ કેસમાં ટેક્ષ ભરવો પડશે.

(2) કંપની જે શેર Buy Back કરે તે શેર શેરહોલ્ડરે જ્યારે ખરીદ કરેલા હોય ત્યારે જે કિંમત ચુકવેલી હોય તે રકમ શેરહોલ્ડરના કેસમાં કેપીટલ લોસ ગણાશે. જે કેપીટલ ગેઈનની આવક સામે બાદ મળશે.

**(12) MSMED કાયદા હેઠળ રજિસ્ટર્ડ થયેલ માઇક્રો તથા સ્મોલ એન્ટરપ્રાઇઝ મેન્યુફેક્ચરર પાસેથી કરેલી ખરીદી કે મેળવેલી સર્વિસ ના પેમેન્ટ અંગે :–**

(1) ઉપર પ્રમાણે માઈક્રો તથા સ્મોલ એન્ટરપ્રાઇઝ કે જેઓ મેન્યુફેક્ચરર હોય કે કોઈપણ પ્રકારની સર્વિસ આપતા



D.P. THAKKER & CO.

હોય તેવા વેપારીઓ પાસેથી તારીખ : 31/03/2025 સુધી કરેલી ખરીદી કે મેળવેલી સર્વિસ અંગે જો પેમેન્ટ આપવાનું બાકી હોય તો નીચે પ્રમાણે પેમેન્ટ કરેલું હોય તો જ ચાલુ વર્ષ FY 2024-25 ના ખર્ચ તરીકે બાદ મળશે.

(1) તારીખ : 31/03/2025 સુધી પેમેન્ટ કરેલું હોય.

(2) તારીખ : 31/03/2025 ના રોજ 15 દિવસ કે એગ્રીમેન્ટ પ્રમાણે વધુમાં વધુ 45 દિવસ પુરા થતા ના હોય અને પેમેન્ટ એપ્રિલ 2025 માં સમયસર તે પ્રમાણે કરેલું હોય.

ઉપર પ્રમાણે પેમેન્ટ કરવામાં ના આવે તે પેમેન્ટ જયારે કરવામાં આવે તે વર્ષમાં બાદ મળે

(2) આ જોગવાઈ જે માઈક્રો તથા સ્મોલ એન્ટરપ્રાઈઝ મેન્યુફેક્ચરીંગ કરતા ના હોય પણ ટ્રેડિંગ કરતા હોય તેમને લાગુ પડતી નથી દા.ત. માર્કેટ યાર્ડના વેપારી જીરા, વરિયાળીનો ટ્રેડિંગ નો ધંધો કરતા હોય કે અન્ય ટ્રેડીંગ કરતા વેપારી પાસેથી માલ ખરીદેલ હોય તેમને આ જોગવાઈ લાગુ પડતી નથી.

**(13) કલમ 44AB હેઠળ ઓડિટ ની જોગવાઈ :–**

(1) માલિકી કે ભાગીદારી પેઢી / કંપનીનું કુલ વેચાણ / ખરીદી / RECEIPT A/C PAYEE ચેકથી થતું હોય અને વર્ષ દરમિયાન ટર્ન ઓવરના 5% થી વધુ રોકડ ખરીદી કે ખર્ચાના કે વેચાણના વ્યવહાર ના હોય તેમને 10 કરોડ થી વધુ ટર્ન ઓવર હોય તો ફરજીયાત ઓડિટ કરાવવું પડે.

(2) પણ જે માલીકી કે ભાગીદારી પેઢી / કંપનીને બધું વેચાણ / ખરીદી / RECEIPT માં 5% થી વધુ રોકડ રકમની ખરીદી કે ખર્ચ હોય તેમને 1 કરોડથી વધુ ટર્નઓવર હોય તો ફરજીયાત ઓડિટ કરાવવું પડે.

**(14) કલમ 44AD હેઠળ 6% કે 8% લેખે અંદાજીત આવક અને કલમ 44AD હેઠળ ફરજીયાત ઓડિટ :–**

જે વેપારીઓને વેચાણનું પેમેન્ટ એકાઉન્ટ પેયી ચેક કે એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ કે ECS થી મળેલું હોય અને નેટ નફો 6% થી ઓછો હોય પરંતુ ટર્નઓવર ના 6% પ્રમાણેની આવક ગણી રિટર્ન ભરવું હોય અથવા આવા વેપારીઓનું વેચાણ રોકડે થી / ક્રોસ ચેકથી કરેલું હોય અને નેટ નફો 8% થી ઓછો હોય પરંતુ ટર્ન ઓવરના 8% પ્રમાણેની આવક ગણી રિટર્ન ભરવું હોય તેમના માટે નીચે પ્રમાણે જોગવાઈ છે :-

(1) કલમ 44AD હેઠળ 3 કરોડ સુધીનું ટર્ન ઓવર હોય અને 6% કે 8% પ્રમાણે અંદાજીત આવક ઉપર ટેક્ષ ભરવામાં આવે તો ઓડીટ કરાવવું ફરજીયાત નથી.

(2) ગઈ સાલ જે વેપારીઓએ આ યોજનાનો લાભ લઈ ઈન્કમટેક્ષ રિટર્ન અંદાજીત આવક ગણી ભરેલ હોય તેમને આ જોગવાઈ મુજબ 5 વર્ષ સુધી આ પ્રમાણે રિટર્ન ભરવું પડે.

(3) જો આ પ્રમાણે આ યોજના હેઠળ 5 વર્ષ સુધી રિટર્ન ના ભરવું હોય તો ચોપડા કલમ 44AD મુજબ ઑડીટ કરાવી ઓડીટ રીપોર્ટ ફાઈલ કરી રિટર્ન ભરવું પડે.

(4) ભાગીદારી પેઢીના કેસમાં ભાગીદારોને આપવામાં આવતું વ્યાજ, પગારની રકમ તથા ઘસારો વિગેરે ખર્ચા 6% કે 8% ની અંદાજીત આવક જે નક્કી થાય તેમાંથી બાદ મળે નહિ. એટલે આવી ભાગીદારી પેઢીએ કલમ 44AD હેઠળ ઓડીટ કરાવીને ચોપડા ની આવક પ્રમાણે રીટર્ન ભરવું સલાહ ભર્યું છે

(5) જે ભાગીદારી પેઢીએ ભાગીદારોને આપેલ વ્યાજ, પગાર, ઘસારો ધંધાના ખર્ચ તરીકે બાદ લેવા ન હોય તે ભાગીદારી પેઢી આ યોજના હેઠળ 6% કે 8% પ્રમાણે લાગુ પડતા દરે આવક બતાવી રીટર્ન ભરી શકે અને તેમને

D.P. THAKKER & CO.

કલમ 44AD હેઠળ ઓડીટ કરાવવું ફરજીયાત નથી.

(6) જે વેપારી આ અંદાજીત આવક યોજનાનો લાભ જે વર્ષ માટે લ્યે તે પછીના પાંચ વર્ષ સુધી તેમણે આ યોજના હેઠળ અંદાજીત આવક દર્શાવી રીટર્ન ભરવા પડે નહીંતર ઓડીટ કરાવવું પડે અને જો ઓડીટ કરાવીને રીટર્ન ભરે તો પાંચ વર્ષ સુધી કલમ 44AD હેઠળ ઓડીટ કરાવીને રીટર્ન ભરવું પડે.

(7) જે વેપારીઓને ધંધામાં નુકશાન હોય અને આવું નુકશાન આગળ ખેંચવું હોય તેમણે ઓડીટ કરાવી સમય મર્યાદામાં રિટર્ન ભરવું જોઈએ. તો જ નુકશાન પછીના વર્ષમાં આગળ ખેંચી શકાય.

**(15) પ્રોફેશનલ વ્યક્તિ માટે કલમ 44ADA હેઠળ 50% લેખે અંદાજીત આવક અથવા ફરજીયાત ઓડિટ :–**

(1) ડોક્ટરો કે વકીલો કે આર્કિટેક્ટ કે એન્જિનિયરો કે ટેકનીશીયનો વિગેરેની વાર્ષિક પ્રોફેશનલ ગ્રોસ RECEIPT 75 લાખથી વધારે ના હોય તો તેઓ કલમ 44ADA હેઠળ અંદાજીત આવક યોજના હેઠળ ગ્રોસ RECEIPT ના 50% પ્રમાણે આવક અંદાજી આ યોજનાનો લાભ લઈ શકશે. પરંતુ આ રીતે 50% પ્રમાણે અંદાજીત જે આવક નક્કી થાય તેમાંથી કોઈ રકમના ખર્ચા કે કોઈ ઘસારાની રકમ કે કોઈ વ્યાજ ની રકમ બાદ મળશે નહીં અને જો આ રીતે અંદાજિત 50% RECEIPT નો ટેક્ષ ના ભરવો હોય અને હિસાબી ચોપડા પ્રમાણે ની આવક ઉપર ટેક્ષ ભરવો હોય તો હિસાબી ચોપડા ઓડિટ કરાવી કલમ 44ADA હેઠળ ઓડિટ રિપોર્ટ ફાઈલ કરીને રીટર્ન ભરવું પડે.

**(16) વર્ષ આખરે ક્લોઝિંગ સ્ટોક – માલ બેલેન્સ – વેલ્યૂએશન માટેની જોગવાઈ:–**

(1) ઈન્કમટેક્ષ કાયદાની જોગવાઈ પ્રમાણે વર્ષ આખરે જે ક્લોઝિંગ સ્ટોક રહેતો હોય તેનું વેલ્યૂએશન નીચે પ્રમાણે કરવું પડે :-

માલની ખરીદકિંમત અથવા માલનું વેચાણ કરવાથી જે રકમ ઉપજી શકે તેમ હોય તે બેમાંથી જે રકમ ઓછી હોય તે ક્લોઝિંગ સ્ટોક માં મુકવી પડે

નોંધ : (1) શેર બજારનો ધંધો કરતા વેપારીને પણ આ નિયમ લાગુ પડે.

(2) માલની પડતર કિંમત માં GST + ટ્રાન્સપોર્ટેશન + મજૂરી નો સમાવેશ થાય.

(2) માલ સ્ટોક ઉપર વ્યાજની રકમ ગણત્રી કરીને સ્ટોક માં ઉમેરી શકાય નહિ તેવી જ રીતે ગોડાઉન ભાડું કે બીજા ખર્ચા વેલ્યુએશનમાં ઉમેરી શકાય નહિ.

(3) ક્લોઝિંગ સ્ટોક નું વેલ્યૂએશન ઉપર પ્રમાણે કરેલું ના હોય અને સ્ટોક વધારે કે ઓછો મુકેલો હોય તો ઈન્કમટેક્ષ ખાતું સ્ટોક નું વેલ્યૂએશન ઉપર પ્રમાણે ગણી ને જે તફાવત આવે તે આવકમાં વધઘટ કરી શકે અને આ રીતે ક્લોઝિંગ સ્ટોક ના વેલ્યૂએશન માં જે તફાવત પડે તેના ઉપર પેનલ્ટી પણ થાય.

(4) કોન્ટ્રાક્ટર ના કેસમાં ઉપરની જોગવાઈ ધ્યાનમાં લઈ સ્ટોક મુકવો પડે એટલે :-

(1) માલ સામાન અને મટીરીયલ્સના સ્ટોકની ગણત્રી કરી પડતર કિંમતે ક્લોઝિંગ સ્ટોક બતાવવો પડે.

(2) વર્ક ઈન પ્રોગ્રેસની ગણત્રી કરી તેની પડતર કિંમત બતાવવી પડે.

(3) 31 માર્ચ સુધી જે કામ થઇ ગયું હોય અને RA BILL બની ગયા હોય અને આવવાનું બાકી હોય કે RA બીલ બનાવવાનું બાકી હોય તે સ્ટોક માં કે WIP માં ગણવું પડે.

(4) માલ સામાન કે મજૂરીનું એડવાન્સ પેમેન્ટ કરેલું હોય તે રકમ નફા - નુકશાનમાં માંડી વળાય નહીં પરંતુ આગળ ખેંચવી પડે.

D.P.THAKKER & CO.

(5) તેવી જ રીતે એડવાન્સ બીલની રકમ જે મળી હોય તે આવક નહીં ગણતા આગળ ખેંચવી પડે અને કામ થાય તેના પ્રમાણસર બીલની આવક તરીકે જમા લેવી જોઈએ.

(6) તેવી જ રીતે કોન્ટ્રાક્ટર ના બીલોમાં રિટેન્શન મની જે રાખેલા હોય તે RECEIPT માં બતાવવા પડે.

(7) કામ એક વર્ષથી વધુ વર્ષ માટે ચાલુ રહે તો તાઃ 31/3/2025 સુધી થયેલા કામનું નફો-નુકશાન બતાવવું પડે કારણ પ્રોજેક્ટ પૂરો થયેથી નફો-નુકશાન બતાવવાની પધ્ધતિ બંધ થઇ છે.

(5) બિલ્ડરોના કેસમાં પ્રોજેક્ટ નો નફો પ્રોજેક્ટ પૂરો થાય ત્યારે ગણવો પડે એટલે જરૂર મુજબ બિલ્ડર ભાઈઓએ રૂબરૂ મળી સમજી લેવું.

(6) ઉત્પાદકોના કેસમાં પણ ફીનિસ્ડ પ્રોડક્ટ, રો મટીરીયલ્સ-સેમી ફીનિસ્ડ ગુડસ- કન્ઝયુમેબલ સ્ટોર્સ વિગેરેનો સ્ટોક ઉપર લખ્યા પ્રમાણે ગણત્રીમાં લેવો જોઈએ.

**(17) PAN (પરમેનન્ટ એકાઉન્ટ નંબર) તથા આધાર કાર્ડ ની અગત્યતા :–**

(1) વેપાર, ધંધો કે નોકરી કરતા હોય કે બેંક ખાતું ખોલાવવું હોય કે સ્થાવર મિલકત ખરીદવી હોય કે વેચવી હોય કે ઈન્કમટેક્ષ ભરવો હોય કે ફોટો આઈડેન્ટીટી પ્રુફ આપવું હોય તો PAN અને આધાર કાર્ડ નંબર વગર ચાલે તેમ નથી એટલે PAN અને આધાર નંબર હોવો જરૂરી અને ફરજીયાત છે.

(2) PAN ખોટો લખવામાં આવે તો રૂ. 10,000/- નો દંડ થાય તેવી જોગવાઈ છે. માટે PAN સાચો લખવાની કાળજી લેવી તે માટે PAN નો સિક્કો બનાવી જરૂર હોય ત્યાં લગાવવો સલાહ ભર્યું છે.

(3) જેમને પોતાને મળતી આવકમાંથી TDS થવાની હોય તેમણે આવી રકમનું પેમેન્ટ કરનારને PAN ની કોપી આપવી જરૂરી છે જેથી PAN લખવામાં ભૂલ પડે નહિ અને TDS ની ક્રેડિટ 26ASમાં આવે તો જ મજરે મળે.

(4) પેમેન્ટ આપનાર તથા પેમેન્ટ લેનાર બંને એ એકબીજાને મોકલવામાં આવતાં બીલ કે ઈન્વોઈસ કે ખાતાના ઉતારા કે પત્ર વ્યવહાર કે દસ્તાવેજો વિગેરેમાં પોતાનો PAN લખવો જરૂરી છે.

(5) ટ્રાન્સપોર્ટનો ધંધો કરનારે ટ્રાન્સપોર્ટ રસીદમાં PAN છપાવવો જરૂરી છે.

(6) PAN તથા આધાર કાર્ડ, ઈ.ટેક્ષ. પોર્ટલ ઉપર લીંક કરવા ફરજીયાત છે. નહીંતર ઈ-ટેક્ષ રીટર્ન નું ઈ- વેરીફીકેશન થઇ શકે નહીં. તેવી જ રીતે બેંક એકાઉન્ટ સાથે PAN લીંક હશે તો જ ઈ.ટેક્ષ.નું રીફંડ ખાતામાં જમા થશે. જે કો-ઓપ. બેંકને પોતાનો IFSC કોડ નથી તે બેંક ના ખાતામાં ડાયરેક્ટ ઈ.ટેક્ષ.નું રીફંડ ઘણા કેસમાં જમા થતું નથી.

(7) PAN કાર્ડમાં નામ હોય તે પ્રમાણે બેંક એકાઉન્ટમાં નામ હોવું જરૂરી છે નહીંતર ઈ.ટેક્ષનું રિફંડ બેંક એકાઉન્ટ માં જમા નહિ થાય એટલે PAN કાર્ડમાં નામ હોય તે પ્રમાણે બેંક ખાતાનું નામ ના હોય તો બેંક ખાતામાં નામ સુધરાવવું જરૂરી છે.

(8) PAN મેળવનારની જવાબદારી :-

(1) જે વેપારીએ સામેની વ્યક્તિ પાસેથી PAN મેળવેલ હોય તે સાચો છે કે કેમ તે પુરવાર કરવાની જવાબદારી તેમના ઉપર નાંખેલ છે એટલે PAN ની ઝેરોક્ષ કોપી PAN આપનારની સહી કરાવી ને લેવી સલાહભર્યું છે.

**(17અ) PAN અને આધાર કાર્ડની ભાઈબંધી**

(1) ઈન્કમટેક્ષ કાયદાની જોગવાઈ પ્રમાણે અંગત વ્યક્તિના કેસમાં PAN અને આધાર લીંક કરવા જરૂરી છે નહીંતર ઈંઝ રીટર્ન ભરી નહીં શકાય - ફોર્મ 26ASમાં પુરી વિગત નહીં આવે - ઈન્કમટેક્ષ રીફંડ નહીં આવે- અને આ

D.P. THAKKER & CO.

બધા ઉપરાંત જયારે PAN અને આધાર કાર્ડ ને લીંક કરવા હોય ત્યારે રૂ.1000/- પેનલ્ટીની રકમ ભર્યા પછી જ લિંક કરી શકાય.

(2) PAN નંબર સાથે આધાર કાર્ડ લીંક કરેલા ના હોય તેવા કેસમાં TDS 20% લેખે થશે અને જ્યાં સુધી PAN સાથે આધાર કાર્ડ લીંક કરવામાં ના આવે ત્યાં સુધી PAN INOPERATIVE એટલે કે સુષુપ્ત - બંધ રહેશે અને TDS 20% લેખે કાપવાનું ચાલુ રહેશે જેનું રિફંડ મળશે નહીં.

(3) એટલે જે વેપારીઓએ PAN સાથે આધાર કાર્ડ લીંક કરાવેલા ના હોય તેમણે તાત્કાલિક PAN - આધાર કાર્ડ લીંક કરાવવા જરૂરી છે.

**(18) પેનલ્ટી માટે ની જોગવાઈ :–**

**(1) આવક ઓછી બતાવવા બદલ 50% દંડ**

નીચેના સંજોગો માં આવક ઓછી બતાવેલી ગણાશે :-

(1) એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે ની આવક રીટર્ન માં બતાવેલી આવક કરતા વધુ હોય તો જેટલી આવક વધારે હોય તે રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે -

(2) રીટર્ન ભરેલું ના હોય અને એકતરફી એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે કર મુક્તિ મર્યાદા બાદ કર્યા પછી જે વધારે આવક હોય તે રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે -

(3) રી એસેસમેન્ટ ના કેસ માં ઓરીજનલ એસેસમેન્ટ કરતા આવક ની વધારેલી રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે -

(4) એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે MAT/AMT ની આવક કલમ 143(1a) ની ઈન્ટિમેશન થી વધુ હોય તો-

(5) એસેસમેન્ટ કે રી એસેસમેન્ટ ના કારણે નુકસાન ની રકમ ઓછી થાય તો આવી ઓછી થયેલી નુકશાન ની રકમ - આવક ઓછી બતાવી તેમ ગણાશે -

**(2) આવક ખોટી બતાવવા બદલ 200% દંડ**

નીચેના સંજોગો માં આવક ખોટી બતાવી છે તેમ ગણાશેઃ-

(1) હકીકત છુપાવવામાં આવી હોય કે ખોટી રજૂઆત કરવા માં આવી હોય તો-

(2) હિસાબી ચોપડામાં રોકાણ કે અન્ય વિગત નોંધેલી ના હોય-

(3) ખર્ચ માટે કોઈ પુરાવા રજુ કરેલા ના હોય-

(4) હિસાબી ચોપડા માં ખોટી એન્ટ્રી નાખી હોય-

(5) આવક ની ગણત્રી માટેની કોઈ રકમ હિસાબી ચોપડામાં નોંધી ના હોય-

(6) ઈન્ટરનેશનલ ટ્રાન્ઝેકશન કે ડોમેસ્ટિક ટ્રાન્ઝેકશન ના ઓડિટ રિપોર્ટ ના કરાવ્યા હોય.-

**(3) હિસાબી ચોપડામાં ખોટી એન્ટ્રી કરવા માટે કે કોઈ એન્ટ્રી ના કરવા માટે કડક દંડ ની જોગવાઈ :–**

(1) હિસાબી ચોપડામાં FALSE ENTRYએટલે કે ખોટી એન્ટ્રી કરવા માટે કે કોઈ એન્ટ્રી ના કરવા માટે એન્ટ્રી ની રકમ જેટલો એટલે કે 100% દંડ કરવાની જોગવાઈ છે. દા.ત. ચોપડામાં પાંચ લાખની કોઈ એન્ટ્રી લખવાની રહી ગઈ હોય તો દંડ પાંચ લાખ થાય.

D.P. THAKKER & CO.

(2) ઉપર પ્રમાણે ખોટી એન્ટ્રી કરનાર તથા આવી ખોટી એન્ટ્રી કરાવવા જવાબદાર શખ્સ બંને ઉપર દંડ થશે.

(3) FALSE ENTRYમાં બનાવટી કે ખોટા દસ્તાવેજો એટલે કે માલ કે સર્વિસ ના ખોટા બીલો કે જે શખ્સનું અસ્તિત્વ ના હોય તેવા નામે ટેક્ષ બચાવવા લીધેલા ખોટા બીલો, ખોટા E-WAY બીલો કે એન્ટ્રીઓ લીધી હોય વિગેરેનો સમાવેશ થાય છે.

(4) GST ખાતું કે અન્ય સરકારી ખાતું ખોટા વ્યવહારોની જાણ નિયમીત રીતે ઈન્કમટેક્ષ ખાતાને કરતા હોય છે તેવી જ રીતે ઈન્કમટેક્ષ ખાતું નિયમીત રીતે GST ખાતાને આવી જાણ કરતુ હોય છે.

(5) આ જોગવાઈ દરેકને લાગુ પડે છે. તેથી ખુબજ સાવચેતી રાખી હિસાબોમાં ઉપર પ્રમાણેની કોઈ ભૂલ થાય નહીં તે માટે વિશેષ કાળજી લેવી જરૂરી છે.

**(19) ઈન્કમટેક્ષ કાયદાની કેટલીક અગત્યની જોગવાઈઓ :–**

(1) ધંધા અંગેની ખરીદી કે ખર્ચ રોકડેથી કરવાની મર્યાદા 10,000/- છે તેનાથી વધુ રકમનું ખર્ચ જો રોકડે થી કરેલ હોય તો ખર્ચ બાદ મલશે નહીં .

(2) જે મિલકત નો ઘસારો લેવાનો હોય તેની ખરીદી કે ખર્ચ રોકડેથી કરવાની મર્યાદા 10,000/- છે તેથી વધુ રકમની ખરીદી હોય તો એકાઉન્ટ પે ચેકથી કરવી જોઈએ નહીંતર ઘસારો બાદ મળે નહીં.

(3) બિલ્ડર અને રીયલ એસ્ટેટનો ધંધો કરનાર ના કેસમાં પુરી થયેલી સ્કીમનું BU જે નાણાંકીય વર્ષમાં મળેલું હોય તે પછીના ત્રીજા નાણાંકીય વર્ષમાં વેચાયા વગરના કે ભાડે આપ્યા વગરના ફ્લેટ, બંગલા, દુકાનો, ઓફિસો, વિગેરે જે કલોઝિંગ સ્ટોકમાં રહેલા હોય તે જો ભાડે આપેલા હોત તો જે ભાડું મળત તે ભાડાની રકમ અંદાજી ને તે રકમ ને ભાડાની આવક તરીકે ઈન્કમટેક્ષ રિટર્ન માં બતાવવી પડે અને તેના ઉપર ઈ.ટેક્ષ ભરવો પડે, તેવી જ રીતે અંગત કે HUF કે પેઢી કે કંપની પાસે કોઈ ગોડાઉન -ઓફિસ - દુકાન ધંધામાં વાપર્યા વગરના હોય અને ભાડે આપેલ ના હોય તો પણ તેની એન્યુઅલ વેલ્યુ આવકમાં બતાવવી પડે.

(4) 2,00,000/- ઉપરના રોકડના વ્યવહાર માટેની જોગવાઈ (દરેક કરદાતાને લાગુ પડે છે)

(1) કોઈપણ એક દિવસમાં કોઈ વ્યક્તિ / HUF / AOP / FIRM / Company / LLP બે લાખ કે તેથી વધુ રકમ કોઈપણ વ્યક્તિ પાસેથી એક સાથે કે ટુકડે - ટુકડે લઈ શકશે નહીં. માલ વેચાણનું પેમેન્ટ કે સર્વિસ નું પેમેન્ટ લઈ શકાય નહીં દા.ત.હોસ્પિટલ નું બીલ કે માલ વેચાણનું બીલ.

(2) એક જ વ્યવહાર માટે બે લાખ કે વધુની રોકડ રકમ પણ લઈ શકાશે નહીં.

(3) કોઈ ભાગીદારે પેઢીમાં આખા વર્ષમાં બે લાખ કરતા વધારે રોકડ ઉપાડ કરવાનો કે જમા કરવાનો વ્યવહાર કરાય નહીં.

(4) કોઈ એક ઈવેન્ટ કે પ્રસંગ માટે કોઈ પણ પાસેથી બે લાખ કે વધુની રોકડ રકમ લઈ કે આપી શકાય નહીં.

(5) ઉપરની જોગવાઈ નો ભંગ કરીને બે લાખ કે તેથી વધુ રોકડ રકમનો વ્યવહાર કરવામાં આવે તો જેટલી રકમ લીધી હોય તેટલો દંડ આવી રકમ લેનાર ઉપર લાગે.

(5) તારીખઃ 1/4/2001 પહેલાની ખરીદેલી સ્થાવર મિલકત વેચવામાં આવે તો તેની કોસ્ટ કેપિટલ ગેઈન માટે આવી મિલકતની તારીખ : 1/4/2001 ની જંત્રી કિંમત કોસ્ટ તરીકે બાદ મળશે.

D.P. THAKKER & CO.

(6) મકાન - મિલકતની આવક હેઠળ બે લાખથી વધુ રકમનું નુકશાન અન્ય આવક સામે બાદ મળશે નહીં.

(7) જમીન, મકાન કે અન્ય મિલ્કત ના વેચાણથી થતા લોંગ ટર્મ કેપિટલ ગેઈનની રકમનું રોકાણ વેચાણ તારીખ થી 6 માસમાં કેપીટલ ગેઈન સ્કીમના બોન્ડમાં રૂ. 50 લાખની મર્યાદામાં પાંચ વર્ષ માટે કરવામાં આવે તો કોઈ કેપિટલ ગેઈન ટેક્ષ ભરવો ના પડે. આવા કેસમાં અમને રૂબરૂ પૂછવું.

(8) રૂ.20,000/- ઉપરની લોન - ડિપોઝિટ અંગેની અગત્યની જોગવાઈ :-

(1) ચોપડામાં કોઈની રૂ.20,000/- ઉપરની લોન કે ડિપોઝીટ જમા કરવી હોય તો તે એકાઉન્ટ પેયી ચેક કે ડ્રાફ્ટથી કે ECS થી જ જમા લઈ શકાય તેવી જ રીતે 20000/- ઉપરની લોન કે ડિપોઝીટ નું પેમેન્ટ કરવાનું હોય તો તે પણ એકાઉન્ટ પેયી ચેક કે ડ્રાફ્ટ થી કે ECS થી કરવું પડે જો આવી લોન કે ડિપોઝીટ રોકડેથી લેવામાં આવે કે ચુકવવામાં આવે તો તેટલી રકમનો દંડ થાય.

(2) કોઈના ખાતામાં એકવાર રૂ.20,000/- જમા થયેલા હોય તો પછી તે ખાતામાં એક રૂપીયો જમા કરવો હોય કે ચૂકવવો હોય તો પણ એકાઉન્ટ પેયી ચેકથી વ્યવહાર કરવો પડે.

(9) કોઈપણ મિલકત ખરીદીનું પેમેન્ટ રૂ.20,000/- ઉપર આપવાનું હોય કે મિલકત વેચાણનું પેમેન્ટ રૂ.20,000/- ઉપર લેવાનું હોય તો તે પણ એકાઉન્ટ પેયી ચેક થી કરવું ફરજીયાત છે. નહીંતર જો રોકડેથી પેમેન્ટ કરવામાં આવે તો વેચનાર તથા ખરીદનાર બંને ને રોકડેથી કરેલ વ્યવહાર જેટલી પેનલ્ટી ભરવી પડે.

(10) જંત્રી કિંમત કરતા ઓછી કિંમતે જો જમીન કે મકાનનો દસ્તાવેજ કરેલ હશે તો વેચનારે તથા લેનારે બંને એ આ રીતે થતા તફાવત ની રકમ ઉપર ઈન્કમટેક્ષ ભરવો પડે. અપવાદરૂપે જંત્રી કિંમત ના 10% સુધીના તફાવતને ગણાત્રીમાં લેવામાં આવશે નહીં.

(11) પગારની આવક હોય તેના કેસમાં નિયત મર્યાદા કરતા જો PF ની રકમ વધારે જમા કરાવે તો આવી વધારે જમા કરાવેલી PF ની રકમ ઉપરનું વ્યાજ દર વર્ષે પગારની આવક મેળવનારની આવકમાં ઉમેરવું પડે.

(12) તારીખ : 1/2/2021 થી રૂ.250000/- થી વધુ પ્રીમિયમ વાળી ULIP પોલિસીની પાકતી રકમ ઉપર કેપિટલ ગેઈન ટેક્ષ લાગશે.

(13) ઈન્વેસ્ટમેન્ટ (રોકાણ) માંથી જે આવક મળે તે ટેક્ષ ફ્રી આવક હોય તો તેના અંગે થયેલો ખર્ચ બાદ મલશે નહીં અને આ ઈન્વેસ્ટમેન્ટ ની રકમ જેમાં કરેલી હોય તેમાંથી વર્ષ દરમિયાન કોઈ આવક ના થાય તો પણ આવા રોકાણ અંગેનો ખર્ચ બાદ મલશે નહીં એટલે ઈ.ટેક્ષ. રીટર્ન ભરતી વખતે આવો ખર્ચ આવકમાં ઉમેરવો પડે.

(14) ઈન્કમટેક્ષ રીટર્નમાં કોઈ આવક બતાવવી રહી ગઈ હોય તો જે તે નાણાકીય વર્ષ પૂરું થયા પછી નિયત સમય મર્યાદામાં "UPDATED RETURN" ફાઈલ કરવાની જોગવાઈ કરી છે. આ અંગે જરૂર મુજબ રૂબરૂ મળવું.

(15) કોઈપણ વ્યક્તિ કે પેઢી પાસેથી લોન કે ડીપોઝિટ ની રકમ જમા લેવામાં આવે તો લોન આપનારે જે લોન ની રકમ આપી હોય તે લોન ની રકમ તેની પાસે ક્યાંથી આવેલી છે તે પુરવાર કરવાની જવાબદારી લોન લેનાર ઉપર નાંખવામાં આવી છે. એટલે કે સોર્સના સોર્સને લગતો પુરાવો પણ લોન લેનારે આપવો ફરજીયાત કર્યો છે અને જો લોન કે ડીપોઝિટ લેનારા આ રીતે લોન આપનાર પાસેથી લીધેલી લોન ની રકમ તેણે ક્યા સોર્સમાંથી આપેલી છે તે કાયદેસર પુરવાર ના કરી શકે તો લોન લેનારને આવી લોનની કે ડિપોઝિટ ની રકમ ઉપર 78% ઈન્કમટેક્ષ ભરવાની જવાબદારી આવે + પેનલ્ટી લાગે એટલે લોન ની રકમ જમા કરતા પહેલા સો વાર વિચારવું.

D.P. THAKKER & CO.

**(20) ગીફ્ટ (બક્ષિસ) અંગે ઈન્કમટેક્ષ ની જોગવાઈ :**

(1) વ્યક્તિ ને એક નાણાંકીય વર્ષમાં એક વ્યક્તિ કે વધારે વ્યક્તિઓ પાસેથી કુલ રૂ.50,000/- સુધીની રોકડા/ ચેક કે વસ્તુ કે મિલકતના સ્વરૂપમાં મળેલી બક્ષિસ માફ છે.

(2) વ્યક્તિને જો તેના નીચેના સગા પાસેથી કુદરતી વહાલ અને પ્રેમના કારણે બક્ષીસની રકમ મળી હોય તો આવક તરીકે ગણાશે નહીં. (50000/ ઉપર પણ)

(1) માતા-પિતા (2) દાદા-દાદી (3) નાના-નાની (4) પતિ-પત્ની (5) ભાઈ-ભાભી (6) બહેન-બનેવી (7) પુત્ર-પુત્રવધુ (8) પુત્રી-જમાઈ (9) પૌત્ર-પૌત્રવધુ (10)પ્રપૌત્ર- પ્રપૌત્રવધુ (11) સાળી-સાઢુ (12) સાળા-સાળાવેલી (13) સાસુ-સસરા (14) વડસાસુ-વડસસરા (15) નણંદ-નણદોઈ (16) જેઠ-જેઠાણી (17) દિયર-દેરાણી (18) કાકા-કાકી (19) મામા-મામી (20) માસા-માસી (21) ફોઈ - ફુવા

(3) પરંતુ જો નક્કી કરેલા સગા સિવાયની વ્યક્તિ પાસેથી રૂ.50,000/- થી વધુ રકમની બક્ષીશ મળે તો બક્ષિસની બધી રકમ આવક ગણાય છે.

(4) પરંતુ સાસુ-સસરા પુત્રવધુ ને બક્ષીસ આપે કે પતી-પત્ની એક બીજાને ગીફ્ટ આપે તો આવી ગીફ્ટની રકમમાંથી જે આવક થાય તે ગીફ્ટ આપનાર ની આવકમાં ગણાશે એટલે આવી ગીફ્ટ આપવાનો કોઈ ફાયદો નથી.

(5) નીચેના સાગા પાસેથી મળેલી રૂ.50000/- થી ઉપરની કુલ ગીફ્ટ ટેક્ષેબલ છે.

(1) ભત્રીજો - ભત્રીજી (2) ભાણો - ભાણી (3) ફૂવાજી - ફઈજી (4) માસાજી - માસીજી (5) કાકા - સસરા - કાકી સાસુ (6) કોઈપણ સગાના HUF

(6) અપવાદરૂપે નીચેની બક્ષિશની રકમ આવક ગણાશે નહીં.

(1) વ્યક્તિને લગ્ન પ્રસંગે મળેલી બક્ષીશ ની રકમ

(2) વ્યક્તિ કે તેના HUF ને વીલ કે વારસાઈથી મળેલ રકમ

**(21) ભાગીદારી પેઢીના ડીઝોલ્યૂશન અથવા પેઢીના બંધારણ માં ફેરફાર (રિકન્સ્ટીટ્યૂશન) ના પ્રસંગે ભાગીદારને મળતી મિલકત કે ચૂકવાતી રકમ ઉપર ભાગીદારી પેઢીની કેપિટલ ગેઈન ટેક્ષ ની જવાબદારી :–**

(1) ભાગીદારી પેઢીના વિસર્જન વખતે કે ભાગીદારી પેઢીના બંધારણમાં ફેરફાર કરતી વખતે ભાગીદારોને મૂડીરૂપે મિલકતની વહેંચણીના વ્યવહાર ઉપર આવી મિલ્કતની બજાર કીંમતને ટ્રાન્સફર ગણી ઉદ્ભવતા મૂડી નફાની રકમ ઉપર પેઢીને કેપિટલ ગેઈન ટેક્ષ લાગશે.

(2) પેઢીના સરવૈયા પ્રમાણે ની મિલકતનું રીવેલ્યૂએશન કરીને અથવા ગુડવિલ ઉભી કરીને ભાગીદારો ખાતે જે મૂડી જમા કરેલ હોય અને ભાગીદારને વિસર્જન વખતે કે ભાગીદારીમાંથી છુટા થતી વખતે તે મિલકતની વહેંચણી કે મૂડી ખાતાની જમા રકમ સંબંધી નિયત જોગવાઈ પ્રમાણે કેપિટલ ગેઈન ટેક્ષની ગણત્રી કરીને ભાગીદારી પેઢીએ તેના ઉપર કેપિટલ ગેઈન ટેક્ષ ભરવો પડે.

આ જોગવાઈ ભાગીદારના છુટા થવાના પ્રસંગે કે ભાગીદારના ભાગમાં ફેરફાર થાય કે નવા ભાગીદાર દાખલ થાય તેવા પ્રસંગે પણ લાગુ પડે. આવા પ્રસંગે અમને રૂબરૂ મળવું.

**(22) જાહેર ધર્માદા ટ્રસ્ટને લગતી મહત્વની જોગવાઈઓ :–**

(1) વર્ષ દરમિયાન કલમ 80G હેઠળ જે દાન મળેલ હોય તેનું વાર્ષિક રિટર્ન ફોર્મ 10BD માં તારીખઃ 31/05/

D.P.THAKKER&CO.

2025 સુધી ભરવું પડે.

(2) દાતાઓને જે તે વખતે દાનની પાવતી આપી હોય તે ઉપરાંત દાતાને કલમ 80G હેઠળ કપાત બાદ લેવા માટે આવા ટ્રસ્ટનું દાનનું વાર્ષિક રીટર્ન ફોર્મ 10BD માં ભરવામાં આવે તે ઉપરથી ફોર્મ 10BE ડાઉનલોડ કરીને દાતાને આપવું પડે.

(3) ટ્રસ્ટને જે કોર્પસ ડોનેશન મલ્યું હોય તે કલમ 11(5) હેઠળ નિયત કરવામાં આવેલ ઈન્વેસ્ટમેન્ટમાં રોકાણ કરેલું હોય તો જ બાદ મળશે નહીંતર આવકમાં ગણાશે એટલે કોર્પસ ડોનેશન ટ્રસ્ટના હેતુઓ માટે વાપરેલ હોય તો બાદ મળશે નહિ એટલે કે કોર્પસ ડોનેશન બેંક વિગેરેમાં કલમ 11(5) માં જે જોગવાઈ છે તે પ્રમાણે રોકાણ કરવું ફરજીયાત થયું છે તેમાં એક જ અપવાદ છે કે આવું કોર્પસ ડોનેશન મકાન (બિલ્ડીંગ) માં વાપરી શકાશે.

(4) જે ટ્રસ્ટને કોર્પસ ડોનેશન મળતું હોય તેમણે ખુબ કાળજી લઈ નવી જોગવાઈનું પાલન કરવું જરૂરી છે અને તે માટે જરૂર પ્રમાણે રૂબરૂ મળીને સમજણ લેવી.

(5) ટ્રસ્ટ દ્વારા કોઈ લોન કે બોરોઈંગ ની રકમ ટ્રસ્ટના હેતુ માટે ખર્ચ માટે લેવામાં આવી હોય તો આવો ખર્ચ હવે બાદ મળવાપાત્ર નથી પણ જયારે લોન કે બોરોઈંગનું પેમેન્ટ કરવામાં આવે ત્યારે બાદ મળે.

(6) ટ્રસ્ટના કેસમાં નુકશાનની રકમ આગળ ખેંચી શકાતી હતી અને પછીના વર્ષની આવકમાંથી બાદ લઈ શકાતી હતી તે જોગવાઈ કાઢી નાખેલ છે.

(7) જે ટ્રસ્ટની કુલ આવક ઈન્કમટેક્ષ ની બેઝીક માફી રકમ એટલે કે 250000/- થી વધારે હોય તેવા ટ્રસ્ટે ઈન્કમટેક્ષ કાયદાની જોગવાઈ પ્રમાણે હિસાબી ચોપડા, પાવતી બૂકો વિગેરે સાહિત્ય રાખવું ફરજીયાત છે એટલું જ નહીં પણ સાત વર્ષ માટે જાળવી રાખવું ફરજીયાત છે નહીંતર દંડ થાશે.

(8) ટ્રસ્ટમાંથી ટ્રસ્ટીને લાભ મલતો હોય તો તેવા લાભની રકમ ટ્રસ્ટની આવકમાં ઉમેરાશે અને દંડ પણ થાશે.

(9) ટ્રસ્ટની આવકમાંથી જે રૂ. 10000 થી વધુ ખર્ચ કર્યો હોય તેનું પેમેન્ટ A/c Payee ચેકથી કરેલું હોય તો જ બાદ મળશે અને કોઈ ખર્ચના પ્રોવિઝન ની રકમ બાદ મલશે નહીં.

**(23) ઈન્કમટેક્ષ આકારણીની સંપૂર્ણ કાર્યવાહી ઓનલાઈન કરવામાં આવેલ છે એટલે વેપારી ભાઈઓએ**

ઈન્કમટેક્ષ રીટર્ન માં Email ID કે મોબાઈલ નંબર જે આપેલો હોય તે રોજ ચેક કરવો જરૂરી છે અને કોઈ નવો મેઈલ કે મેસેજ ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ માંથી આવેલ હોય તો અમને ફોરવર્ડ કરીને ફોન થી અમને જાણ કરવી. આકારણી કાર્યવાહી ની જેમ ઈન્કમટેક્ષ પ્રથમ અપીલ અંગેની કાર્યવાહી પણ ઓનલાઈન કરવામાં આવેલ છે અને ભવિષ્યમાં ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલ ની અપીલોની કાર્યવાહી પણ ઓનલાઈન કરવાનું આયોજન છે.

D.P. THAKKER & CO.

## : GST :

**(1) ઓનલાઈન E-Invoiceબનાવવા અંગે :–**

(1) F.Y. 2017-18 થી 2024-25 સુધીમાં કોઈ પણ એક વર્ષમાં વેપારીનું કુલ વેચાણ રૂ. 5 કરોડ થી વધારે થયું હોય તો તેવા વેપારીએ પછીના નાણાંકીય વર્ષથી વેચાણનાં બીલો, ક્રેડીટ નોટ, ડેબીટ નોટ, GST નાં E-Invoiceપોર્ટલ ઉપરથી IRN NUMBER તથા QR CODE જનરેટ કરીને બનાવવા ફરજીયાત કરેલ છે.

(2) તા. 01-4-2025 થી જે વેપારીનું સને 2017-18 થી 2024-25 સુધીમાં પાંચ કરોડથી વધારે ટર્નઓવર હશે તે વેપારી જે મહિનામાં વેચાણનું TAX INVOICE બનાવે તેનું E-INVOICE 30 દિવસની અંદર બનાવવું ફરજીયાત છે.30 દિવસ પછી E-INVOICE બની શકશે નહીં અને પછી ખરીદનાર વેપારીને આવા બીલમાં લાગેલ GSTની ઈનપુટ ટેક્સ ક્રેડીટ મળી શકશે નહીં. જે લીમીટ પહેલા રૂ. 100/- કરોડ હતી.

1/04/2025 કે જે વેપારીનું ટર્નઓવર 10 કરોડ કે તેથી વધુ હોય તેમને પણ ઉપરની જોગવાઈ લાગુ પડશે.

(3) મોટા ભાગના એકાઉન્ટીંગ સોફ્ટવેરમાં ઓનલાઈન E-Invoice જનરેટ કરવાની ફેસીલીટી હોય છે તેના ધ્વારા E-Invoice જનરેટ કરવા. જે વેપારીઓને આ અંગે કાંઈ સમજવું હોય તો અમને ફોન કરવો.

(4) E-Invoice જે વેપારીઓને બનાવવાનું હોય તેઓ જો E-Invoice ન બનાવે તો,

(1) Invoice માં લાગેલ GST ની રકમ કે રૂ.10,000/- જે વધારે હોય તેટલો દંડ થઈ શકે. અને

(2) માલ લેનાર વેપારીને Invoice માં લગાડેલ GST ની ક્રેડીટ ન મલે.

**(2) ઓનલાઈન E Way Bill બનાવવા અંગે :–**

(1) GST સાથે કુલ 50,000/- થી વધારે રકમનું વેચાણ કરવામાં આવે અને આવું વેચાણ જે તે વેચાણ કરનારના ગામની મ્યુનીસીપલ કે પંચાયતની હદની બહારના કોઈ વેપારીને કરવામાં આવે તો ઓનલાઈન E-Way Bill બનાવવું ફરજીયાત છે.

(2) વેપારીનું ગોડાઉન તેના રજિસ્ટર્ડ એડ્રેસમાં જે ગામ લખેલ હોય તેની મ્યુનીસીપલ હદની બહાર અન્ય કોઈ ગામમાં આવેલું હોય તો પણ માલ જ્યારે રજિસ્ટર્ડ ઓફીસથી કે માર્કેટયાર્ડમાંથી આવા ગોડાઉનમાં રવાના કરવામાં આવે ત્યારે ઓનલાઈન E-Way Bill બનાવવું ફરજીયાત છે. આ માટે ડીલેવરી ચલણ બનાવીને ઓનલાઈન E-Way Bill બનાવીને માલ રવાના થાય તેની સાથે આપવું જરૂરી છે.

(3) માલનું કલીનીંગ કરવા કે અન્ય કોઈ જોબવર્ક કરવા માટે મ્યુનીસીપલ લીમીટની બહાર માલ મોકલવામાં આવે તો પણ ડીલીવરી ચલણ અને ઓનલાઈન જનરેટ કરેલું E-Way Bill આપવું ફરજીયાત છે.

(4) જ્યાં ઓનલાઈન E-Way Bill આપવું ફરજીયાત છે તે જો આપવામાં નાં આવે તો માલ ઉપરના GST ની રકમના 200% પેનલ્ટી થઈ શકે છે.

(5) E- Invoice બનાવો તો પણ E Way Bill ઓનલાઈન બનાવવું ફરજીયાત છે.

**(3) RCM ભરવાની જવાબદારી :**

(1) GST માં રજીસ્ટર્ડ હોય તેવા વેપારી રહેવાના મકાન સિવાયની કોમર્શીયલ પ્રોપર્ટી જેવી કે દુકાન, ગોડાઉન, વખાર, કોલ્ડ સ્ટોરેજ, હોસ્પિટલ બિલ્ડીંગ, મેડીકલ સ્ટોર, શેડ, ફેક્ટરી વગેરે નું GST નંબર ન હોય તેવી

D.P.THAKKER & CO.

વ્યક્તિને ભાડું ચુકવેતો આવા ભાડાની રકમ ઉપર તા.10/10/2024 થી 18% (SGST 9% તથા CGST 9%) પ્રમાણે RCM ભરવો ફરજીયાત છે અને આવી રીતે ભરેલ RCM ની ઈનપુટ ટેક્સ ક્રેડીટ નિયમો આધીન મળવા પાત્ર થાય છે.

પરંતુ જેમને ભાડું ચુકવતા હોઈએ તે વ્યક્તિ GST માં રજીસ્ટર્ડ હોય તો ભાડું લેનાર વ્યક્તિએ ફોરવર્ડ ચાર્જ હેઠળ GST ભરવાનો થાય અને ભાડું ચુકવનારે કોઈ RCM ભરવાનો ન થાય. જેની સમજ નીચેના ટેબલ માં આપેલ છે.

| ભાડું ચુકવનાર | ભાડું લેનાર | GST ભરવાની જવાબદારી |
|---|---|---|
| રજીસ્ટર્ડ પર્સન | અનરજીસ્ટર્ડ પર્સન | ભાડું ચુકવનારે RCM હેઠળ GST ભરવાનો થાય |
| રજીસ્ટર્ડ પર્સન | રજીસ્ટર્ડ પર્સન | ભાડું લેનારે GST ભરવાનો થાય |
| અનરજીસ્ટર્ડ પર્સન | રજીસ્ટર્ડ પર્સન | ભાડું લેનારે GST ભરવાનો થાય |
| અનરજીસ્ટર્ડ પર્સન | અનરજીસ્ટર્ડ પર્સન | GST ભરવાની જવાબદારી નહી આવે. |

જે વેપારી GST માં લમ્પસમ પરમીશન ધરાવતા હોય તેમને આ નીયમ લાગુ નહિ પડે.

(2) લોખંડ / મેટલ નો ભંગાર HSN CODE 72 થી 81ની ખરીદી જો અનરજીસ્ટર્ડ (URD) પર્સન પાસેથી કરવામાં આવે તો આવી ખરીદી ઉપર જે તે દરે RCM ભરવો ફરજિયાત છે.

(3) GTA (ગુડ્સ ટ્રાન્સપોર્ટ એજન્સી) ને ટેક્ષેબલ માલના ટ્રાન્સપોર્ટેશન માટે ટ્રક ભાડું ચુકવવામાં આવે તો તેના ઉપર RCM ભરવો પડે.

(4) જીરું, વરીયાળી, તેલીબીયા વિગેરે એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ કે જે ખેતરમાંથી વેચવા લાવતા હોય કે તેના ઉપર કોઈ પ્રક્રિયા કર્યા વગર વેચાણ કરવામાં આવતું હોય તો તેના ટ્રક ભાડા ઉપર RCM લાગતો નથી. પરંતુ જો એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ નું કલીનીંગ, સોર્ટેક્ષ કે અન્ય કોઈ પ્રોસેસિંગ કરીને વેચવામાં આવે તો તેના ટ્રક ભાડા ઉપર RCM ભરવો પડે.

(5) આ ઉપરાંત કાલા કપાસની URD ખરીદી ઉપર, એડવોકેટ ફી, સિક્યુરીટી એજન્સીને ચુકવવામાં આવતો ચાર્જ વિગેરે ઉપર પણ RCM ભરવો પડે.

(6) અનરજીસ્ટર્ડપર્સન (URD) પાસેથી જે ખરીદી કરવામાં આવે અને આવા માલ કે સર્વિસ ઉપર કલમ 9(3) તથા 9(4) મુજબ RCM ભરવાની જવાબદારી આવતી હોય તો આવી ખરીદીનું SELF TAXINVOICE ખરીદેલ માલ કે સર્વિસના એક માસ માં બનાવવું ફરજીયાત છે.

આવું SELF TAX INVOICE સીરીયલ નંબર સાથેનું બનાવવું ફરજીયાત છે. અને GSTR-1 માં દરેક મહિના દરમિયાન ઈસ્યુ કરેલ સેલ્ફટેક્ષ ઈન્વોઈસ નંબર તથા રકમની વિગત આપવી ફરજીયાત છે. હાલમાં નીચે મુજબના માલ કે સર્વિસ ઉપર RCM ભરવો ફરજીયાત છે

- ટ્રાન્સપોર્ટ ચાર્જ (GTA સર્વિસ ઉપર)
- એડવોકેટ ફી
- કાલા કપાસ

D.P. THAKKER & CO.

- તમાકુ પત્તા
- કોમર્સિયલ પ્રોપર્ટીના ભાડા ઉપર (દુકાન, ઓફીસ, વખાર, ગોડાઉન, હોસ્પિટલ, ફેક્ટરી વગેરે કોમર્શિયલ પ્રોપર્ટીના ભાડા)
- HSN CODE 72 થી 81 સુધીમાં આવતા લોખંડ-મેટલ ભંગારની અનરજીસ્ટર્ડ પર્સન પાસેથી કરેલ ખરીદી ઉપર

**(4) ત્રીમાસીક પત્રક :–**

(1) જે વેપારીઓનું પાછલા વર્ષનું ટર્નઓવર રૂ. 5 કરોડથી ઓછું હોય અને Lumpsum નો ઓપ્શન લીધેલ ન હોય તેવા વેપારીઓ ત્રીમાસીક રીટર્ન ભરવાનો ઓપ્શન ઓનલાઈન સ્વીકારી શકશે.

(2) આવા વેપારીઓએ ટેક્ષ દર મહીને જ ભરવાનો રહેશે.

(3) જે વેપારીઓ ત્રીમાસીક પત્રક ભરતા હોય તેમણે દર મહીને જે વેચાણો કરેલ હશે તેની સામેના વેપારીને ટેક્ષ ની ક્રેડીટ મળશે નહીં પરંતુ દર ત્રણ મહીને જ મળશે. પરંતુ આવા વેપારી GST પોર્ટલ ઉપર દર મહીને વેચાણના ઈન્વોઈસ અપલોડ કરે તો સામેના વેપારીને ક્રેડીટ મળશે. પરંતુ જો કોઈ મહિનામાં વેચાણ 50 લાખથી વધુ હોય તો Invoiceઅપલોડ થઈ શકે નહિ.

(5) માસિક રૂ. 50 લાખથી વધુ ટર્નઓવરવાળા વેપારીઓએ કુલ ટેક્ષના મીનીમમ 1% રકમ ચલણથી ભરવાનો નિયમ છે. એટલે ITC ની ક્રેડીટ ભરવાપાત્ર ટેક્ષ જેટલી હોય તો પણ પત્રક સાથે ભરવાપાત્ર ટેક્ષનો 1 % GST ભરવો પડે.

(6) GST નંબર સસ્પેન્ડ કરવાના નીચેના સંજોગોમાં સ્પેશ્યલ પાવર : -

(1) વેપારીએ તેના GSTR-1 રીટર્નમાં જે વેચાણો બતાવેલા હોય તેના કરતાં GSTR - 3B રીટર્નમાં ઓછા વેચાણ બતાવે તો.

(2) જે વેપારીને મીનીમમ 1% ટેક્ષ ભરવાની જવાબદારી હોય અને જો આ 1% ટેક્ષ ના ભરે તો.

(3) GSTR - 3B રીટર્નમાં તે મહિનાનાં GSTR - 2B માં દેખાતી હોય તેનાથી વધારે ITC (ટેક્ષ ક્રેડીટ) માંગે તો.

(4) જે વેપારીઓનો GST નંબર સસ્પેન્ડ કરવામાં આવે તેમને ઓનલાઈન Notice મળે છે પછી વેપારીઓએ તેનો યોગ્ય ખુલાસો આપવાનો રહેશે. વેપારીનો ખુલાસો અધિકારીને જો યોગ્ય નહીં લાગે તો GST નંબર જે તારીખથી સસ્પેન્ડ કરવામાં આવેલ હોય તે તારીખથી કેન્સલ કરવામાં આવશે અને જો ખુલાસો યોગ્ય લાગશે તો નંબર રીસ્ટોર કરવામાં આવશે.

(5) જે વેપારીનો GST નંબર સસ્પેન્ડ કરવામાં આવે તેને કોઈ રીફંડ આપવામાં આવશે નહી.

**(7) ટેક્ષ ક્રેડીટ (ITC) :–**

(1) વેપારીઓ તેમનું GSTR - 3B રીટર્ન ભરે ત્યારે તેમના તે મહિનાના GSTR - 2B માં ITC દેખાતી હોય તેટલીજ ITC માંગી શકશે. જો કોઈ વેપારી GSTR -3B રીટર્નમાં તેના GSTR - 2B માં દેખાતી હોય તેનાથી વધારે ITC ની ક્રેડીટ માંગશે તો આવા વેપારીનો GST નંબર સસ્પેન્ડ કરી શકાશે. એટલે આવા વેપારી ધંધો કરી શકશે નહીં.

(2) મોટું ટર્નઓવર ધરાવતાં વેપારીઓ રૂ.5 કરોડથી ઓછું ટર્નઓવર વાળા વેપારીઓ પાસેથી માલ ખરીદશે તો તેમને આવી ખરીદીઓના ટેક્ષની ક્રેડીટ સામેનો વેપારી 3 મહીને તેનું GSTR-1 રીટર્ન ભરે ત્યારેજ મળી શકશે.

D.P. THAKKER & CO.

સીવાય કે સામેનો વેપારી દર મહીનાનાં તેના વેચાણ બીલો GST ડીપાર્ટમેન્ટની વેબસાઈટ ઉપર અપલોડ કરે અથવા દર મહીને રીટર્ન ભરે.

(3) જેની ITC માંગવાની હોય તે ખરીદી કે ખર્ચાના બીલનું પેમેન્ટ સપ્લાયરને બીલની તારીખથી 180 દીવસમાં કરી દેવું ફરજીયાત છે. જો 180 દીવસમાં પેમેન્ટ કરવામાં ન આવે તો આવા બીલમાં લાગેલ GST ની ક્રેડિટ રીવર્સ કરવી પડે. જો ITC લેજરમાં તેટલી ITC ન હોય તો વ્યાજ સાથે ITC રીવર્સ કરી ચલન થી ભરવી પડે. અને જ્યારે પેમેન્ટ આપવામાં આવે ત્યારે તે મહીનાના GST રીટર્નમાં ફરીથી આવા બીલની ITC માંગી શકાય.

**(8) ધંધા નાં વધારાના સ્થળ / ગોડાઉનો ની નોંધણી :–**

દરેક વેપારીએ પોતાના ધંધાનો માલ રાખવા માટે જે ગોડાઉનો રાખેલા હોય તેની જાણ તુરંત Online પોર્ટલ ઉપર કરવી ફરજીયાત છે. નહીંતર તે માટે પેનલ્ટી થાય છે. જો કોઈ વેપારીને ત્યાં GST નું ચેકીંગ આવે અને તેનાં ચોપડાનો માલ જે ગોડાઉનમાં પડેલ હોય તે જો GST માં નોધાયેલ નહીં હોય તો ડીપાર્ટમેન્ટ આવા ગોડાઉનમાં પડેલ માલ ચોપડા બહારનો છે તેવું માનીને કાર્યવાહી કરશે અને વેપારીને ખોટી હેરાનગતી થશે. એટલે તમારો માલ જ્યાં રાખતા હો તે તથા ચોપડામાં ભાડું ઉધારેલ હોય તેવા બધા ગોડાઉનો તમારા GST નંબરમાં નોધાયેલા હોવા ખુબજ જરૂરી છે. જે વેપારીઓને આવા ગોડાઉન નોધાવવાના બાકી હોય તેમણે આવા ગોડાઉનો ભાડે રાખ્યાની નોટરી કરેલ ભાડા ચિઠ્ઠી તથા ગોડાઉન માલીકની ગોડાઉનની માલીકીનો પુરાવો તુરંત અમને મોકલવો અને ફોનથી કે રૂબરૂ જાણ કરવી જેથી Online ગોડાઉનની નોધણી કરી શકાય.

**(9) જોબવર્ક માટેનું સ્પેશયલ રીટર્ન ITC - 04 :–**

(1) જો કોઈ વેપારી પોતાનો માલ અન્ય કોઈ પાર્ટીને જોબવર્ક માટે કે ક્લીનીંગ માટે કે સોર્ટેક્ષ માટે મોકલે તો આવા વેપારીએ તે માટેનું સ્પેશ્યલ રીટર્ન ITC - 04 ભરવું પડે.

(2) જે વેપારીએ આ રીતે જોબવર્ક માટે માલ મોકલેલ હોય તેનું વાર્ષિક ટર્નઓવર જો રૂ. 5 કરોડથી ઓછું હોય તો વર્ષ પૂરું થયા પછી 25 એપ્રિલ સુધીમાં ITC - 04 રીટર્ન ભરવું પડે.

(3) જે વેપારીઓનું વાર્ષીક ટર્નઓવર રૂ. 5 કરોડથી વધુ હોય તેમને દર છ મહીને આવું રીટર્ન ભરવું પડે. એટલે કે 1-4 થી 30-9 સુધીના પીરીયડનું રીટર્ન તારીખ 25 ઓક્ટોમ્બર અને 1-10 થી 31-3 સુધીના પીરીયડનું રીટર્ન તા. 25 એપ્રિલ સુધીમાં ભરવું પડે.

(4) એટલે આવા વેપારીઓએ અમારો કોન્ટેક્ટ કરવો જેથી રીટર્નમાં શું માહીતી આપવાની છે. તે જણાવી શકાય.

**(10)** જો કોઈ વેપારી જોબવર્ક / ક્લીનીગ / સોર્ટેક્ષ માટે માલ જ્યાં મોકલતા હોય ત્યાંથી જ બારોબાર વેચાણ માટે ડીસ્પેચ કરતા હોય તો તેમણે આવી પાર્ટીનું ધંધાનું સ્થળ તેમના પોતાના GST નંબરમાં વધારાના સ્થળ તરીકે બતાવવું ફરજીયાત છે. નહીંતર મોટી પેનલ્ટી થઇ શકે છે.

**(11)** F. Y. 2024-25 નો એડવોકેટ ફી નો, ટ્રાન્સપોર્ટેશન, કાલા- કપાસનો કે સિક્યુરીટી સર્વીસ કે અન્ય કોઈપણ RCM ભરવાનો રહી ગયેલ હોય તો માર્ચ 2025 કે એપ્રિલ થી ઓક્ટોબર -2025 સુધીનાં GSTR - 3B રીટર્નમાં 30 નવેમ્બર સુધીમાં બતાવીને વ્યાજ સાથે ભરી દેવો જોઈએ. તે પછી જો RCM ભરવામાં આવે તો તેની ક્રેડીટ ના મળે.

(12) દરેક વેપારીએ F.Y. 2024-25 ના વર્ષનાં GSTR - 2B માં તેમનાં ચોપડા મુજબની મજરે માંગેલ બધી ITC આવી ગઈ કે કેમ ? તે ચેક કરી લેવું અને જો કોઈ ITC GSTR - 2B માં દેખાતી ના હોય તો જે તે પાર્ટીનો કોન્ટેક્ટ કરી એપ્રિલ થી ઓક્ટોમ્બર 2025 સુધીનાં GSTR-1 રીટર્નમાં એમેન્ડમેંટ કરી આવી ITC તમારા GSTR - 2B માં દેખાય

D.P. THAKKER & CO.

તે માટે પાર્ટીને કહેવું. એમેડમેન્ટ કરવાની છેલ્લી તારીખ 30-11-2025 છે.

(13) વર્ષ દરમ્યાન GSTR-1 રીટર્નમાં કોઈ વેપારીનાં બીલ નંબર, બીલની રકમ, GST નંબર વિગેરે લખવામાં કોઈ ભૂલ થઇ ગઈ હોય તો નવેમ્બર 2025 સુધીમાં GSTR-1 રીટર્ન ભરીએ ત્યાં સુધીમાં તે ફેરફાર કરી શકાશે. ત્યાર બાદ આવો કોઈ ફેરફાર કરી શકાશે નહીં.

(14) જે વેપારીઓ LUT થી એક્ષપોર્ટ કરતાં હોય તેમણે F.Y. 2025-26 માટે તા. 31-03-2025 સુધીમાં LUT નું નવું સર્ટીફીકેટ લઇ લેવું પડે. નહીંતર નવા વર્ષમાં જે તારીખે અરજી કરો તે તારીખથી અમલી LUT સર્ટીફીકેટ મળશે. કોઈ વેપારીને નવા વર્ષમાં એક્ષપોર્ટનો ધંધો કરવો હોય અને બીલમાં IGST લગાવ્યાં વગર LUT થી એક્ષપોર્ટ વેચાણ કરવું હોય તો અમને તુરંત જાણ કરવી. F.Y. 2024-25 માં જેમણે LUT સર્ટીફીકેટ લીધેલા તેમના F.Y. 2025-26 ના સર્ટીફીકેટ અમે Online મેળવીને તેમને મોકલી દીધા છે. કોઇને નવા વર્ષનું સર્ટીફીકેટ ન મળેલ હોય તો અમને તુરંત જાણ કરવી જેમને F.Y. 2024-25 માં LUT સર્ટીફીકેટ લીધેલ હોય અને નવા વર્ષમાં હવે લેવું ન હોય તેમને પણ અમને જાણ કરવી.

(15) જે વેપારીઓનું ટર્ન ઓવર રૂ. 1.50 કરોડથી ઓછું હોય અને લંપસમ ટેક્ષ ભરીને રીટર્ન ભરતા હોય તેવા વેપારીઓને હવે લંપસમ સ્કીમના બદલે રેગ્યુલર GST ભરીને રીટર્ન ભરવા હોય તો તેની અરજી GST ખાતામાં Online તારીખ 31-03-2025 સુધીમાં કરી દેવી પડે અને તેમની પાસે GST ભરેલ ખરીદીનો જે બંધ સ્ટોક હોય તેમાં લાગેલા GST ની ક્રેડીટ લેવા માટે નિયત ફોર્મ તારીખ 30-04-2025 સુધીમાં Online ફાઈલ કરવું પડે. તો જ બંધ સ્ટોકના GST ની ક્રેડીટ મળે.

(16) તેવીજ રીતે નોર્મલ રેટ થી GST ભરીને રીટર્ન ભરતા હોય તેવા વેપારીઓને તેમનું ટર્નઓવર F.Y. 2024-25 માં 1.5 કરોડથી ઓછું હોય અને F.Y. 2025-26 માં લંપસમ ટેક્ષ ભરવાનો ઓપ્શન લેવો હોય તો તારીખ 31-03-2025 નાં જે બંધ સ્ટોક હોય અને તેમાં લાગેલા GST ની ક્રેડીટ ITC લેજર માં જમા હોય તે ક્રેડીટ જતી કરવી પડે અને તે અંગે નું નીયત ફોર્મ ભરવું પડે જેમણે આ રીતે Lumpsum નો Option લેવો હોય તેમણે તુરંત તારીખ 31-03-2025 પહેલા અમને જાણ કરવી.

(17) જે ટ્રાન્સપોર્ટરને ટ્રાન્સપોર્ટેશનના બિલ માં 5% કે 12% ફોરવર્ડ ચાર્જ તરીકે GST લગાવવો હોય તેમણે વર્ષ શરુ થાય તેના 15 દીવસ પહેલા Online ઓપ્શન માંગવો પડે જો 12% નો ઓપ્શન લેવામાં આવે તો ટ્રાન્સપોર્ટરને તેની Inputs જેવી કે ટ્રકની ખરીદી, ટ્રક, ટાયર તથા રીપેરીંગ વીગેરે માં લાગેલ GST ની ક્રેડીટ મળે.

અમો આશા રાખીએ છીએ કે ઉપરની માહિતી તમને ઉપયોગી થાશે. આ અંગે કોઈ સ્પષ્ટતા કરવી હોય કે વીશેષ માહીતી ની જરૂર હોય તો અમારો રૂબરૂ સંપર્ક કરવો.

લી.

**ધીરુભાઈ - કનુભાઈ**

**પીયુષભાઈ - નીખીલભાઈ**

D.P.THAKKER & CO.